સુવિચાર

ખુશ રહેતા શીખો, કારણકે સુખનો અભાવ
દુનિયામાં નથી આપણી નજરમાં છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક





થોરાળા પોલીસ સ્ટેશન પહોંચે તે પહેલા હવામાં ઓગળી ગયાઃ લાખેણી રકમનો નિવેદ ધરાયાની ચર્ચા P-4



Year-16, Issue-65 ■ DATE : 23-06-2025 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# વિસાવદરમાં 'આપ'નું ઝાડું ફરી વળ્યુંઃ કડીમાં કેસરિયો લહેરાયો

## વિસાવદરમાં ભાજપ-આપ' ના ઉમેદવારો વચ્ચે ભારે રસાકસી બાદ આમ આદમી પાર્ટીના ગોપાલ ઇટાલીયાનો ૧૭૫૮૧ મતથી વિજયઃ કડીમાં ભાજપના ઉમેદવાર રાજેન્દ્ર ચાવડાની એકધારી વિજયી કુચ



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતના રાજકારણમાં ચર્ચાનું કેન્દ્ર બનેલી વિસાવદર અને કડી બેઠકની પેટા ચૂંટણી બાદ આજે મતગણતરી હાથ ધરવામાં આવતા કડીમાં ભાજપના કેસરીયા થયા છે. જયારે વિસાવદર બેઠક ઉપર આમ આદમી પાર્ટીના ગોપાલ ઇટાલિયાનો ૧૭૫૮૧ મતથી વિજય થયો છે.

વિસાવદરઃ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં આખરે આમ આદમી પાર્ટીના ગોપાલ ઇટાલીયાનો વિજય થતા તેમની છાવણીમાં હરખની હેલી છવાઈ ગઈ છે. બીજી તરફ ભાજપના કિરીટ પટેલનો પરાજય થતા તેમની હાર પાછળનું કારણ મેળવવા માટેની મથામણ શરૂ કરી દેવામાં આવી છે.

આ બેઠકની પેટા ચૂંટણી માટે ૫૬.૮૯ ટકા મતદાન થયું હતું. જોકે નવા વાઘણીયા અને માલીડા મત કેન્દ્ર પર શનિવારે ફેર મતદાન થયું હતું. જેને લઈને મતદાનની ટકાવારીમાં વધારો થયો હતો.

દરમિયાન આજે સવારે જુનાગઢ કળષિ યુનિવર્સિટીની ઇજનેરી કોલેજ ખાતે વિસાવદર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીની મતગણતરી હાથ ધરવામાં આવી હતી. પ્રથમ રાઉન્ડમાં આમ આદમી પાર્ટીના ગોપાલ ઇટાલીયાને ૪૦૪૨, ભાજપના કિરીટ પટેલને ૩૦૯૭ અને કોંગ્રેસના ઉમેદવાર નિતીન રાણપરીયાને ૨૦૧ મત મળ્યા હતા. ત્રીજા રાઉન્ડથી ગોપાલ ઇટાલીયા કરતા ભાજપના કિરીટ પટેલ ૧૦૪૮૬ મત મેળવીને આગળ થયા હતા. પરંતુ હાથમાં રાઉન્ડમાં ૨૬૫૪૮ મત સાથે ગોપાલ ઇટાલીયાએ સરસઈ મેળવવાનું શરૂ કર્યું હતું. બાદમાં છેલ્લા ૨૧માં રાઉન્ડ સુધી ગોપાલ ઇટાલીયાએ સરસઇ જાળવી રાખીને મત મેળવી મુખ્ય હરીફ ભાજપના ઉમેદવાર કિરીટ પટેલને મતથી પરાજય આપ્યો હતો.

૨૧માં રાઉન્ડની મતગણતરીના અંતે ગોપાલ ઇટાલીયા અને ૭૫૯૦૬, કિરીટ પટેલને ૫૮૩૨૫ કોંગ્રેસના નીતિન રાણપરીયા અને ૫૪૯૧ મત મળ્યા હતા.

આમ ગોપાલ ઇટાલીયાનો ૧૭,૫૮૧ મતથી વિજય થતા તેની છાવણીમાં ખુશી પ્રસરી ગઈ હતી અને વરસતા વરસાદમાં વિજય ઉત્સવ મનાવ્યો હતો.

વિસાવદર વિધાનસભા બેઠક પર કબજો જમાવતા ભાજપની છાવણીમાં સોપો પડી ગયો હતો. જૂનાગઢ જિલ્લા ભાજપના પ્રમુખ અને વિસાવદર બેઠકના ઉમેદવાર કિરીટ પટેલને વિજયી બનાવવા માટે મુખ્યમંત્રી પ્રદેશ પ્રમુખ પ્રધાનો અને ખાસ કરીને વિસાવદર બેઠકના પ્રભારી જયેશ રાદડિયા સહિતનાએ એડીચોટીનું જોર લગાવ્યું હતું છતાં પણ ભાજપનો પરાજય થતા તેની પાછળનું કારણ મેળવવા મંથન શરૂ કરી દેવામાં આવ્યું છે.

કડીઃ વિધાનસભા બેઠક પેટા ચૂંટણીની મત ગણતરી આજે સવારે મહેસાણાના મેવડ એન્જી. કોલેજ ખાતે શરૂ થઇ હતી. સવારે ૮ વાગ્યે શરૂ થયેલી મતગણતરી અનુસાર આ લખાય છે ત્યારે ભાજપના ઉમેદવાર રાજેન્દ્ર ચાવડા હરીફ ઉમેદવારો કરતા આગળ ચાલી રહ્યા છે. ૭ રાઉન્ડના અંતે ભાજપને ૧૩૧૯૫ મતોની લીડ મળી છે. ભાજપના ઉમેદવાર રાજેન્દ્ર ચાવડાને ૨૯૯૮૭, કોંગ્રેસના રમેશ ચાવડાને ૧૬૬૭૫ મત મળ્યામ છે. આ ભાજપની એક તરફી વિજયકુચ ચાલુ રહી છે. આપને ૮૯૧ મત મળ્યા છે.

# ઇઝરાયલ-ઈરાન વચ્ચેનું યુદ્ધ મોટો ખતરોઃ એલપીજીનો ફક્ત ૧૬ દિવસનો સ્ટોક

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય ઘરોમાં રસોઈ ગેસ (એલપીજી) માટે વપરાતા દર ત્રણ સિલિન્ડરમાંથી બે પમિ એશિયાથી આવે છે. ઉદ્યોગ અધિકારીઓ કહે છે કે જો ક્ષેત્રમાં તણાવ વધશે અને પુરવઠો ખોરવાશે, તો પ્રથમ અને સૌથી વધુ રાજકીય રીતે સંવેદનશીલ ફટકો સામાન્ય પરિવારોને પડશે.

ઈરાનના પરમાણુ સ્થળો પર અમેરિકાના હુમલાઓથી વિશ્વના સૌથી મોટા તેલ ઉત્પાદક ક્ષેત્રમાંથી પુરવઠામાં વિક્ષેપ પડવાની આશંકા વધુ વધી ગઈ છે. આવી પરિસ્થિતિઓ માટે તૈયારી કરતી વખતે, ભારતીય નીતિ નિર્માતાઓ અને ઉદ્યોગ નેતાઓએ સ્વીકાર્યું છે કે બધા ઇંધણ સમાન જોખમો ઉભા કરતા નથી. પમિ એશિયામાં તણાવ વધે ત્યારે એલપીજી સૌથી વધુ સંવેદનશીલ હોય છે.



છેલ્લા દાયકામાં, સરકારના પ્રયાસોને કારણે, ભારતમાં એલપીજીનો ઉપયોગ બમણો થઈને ૩૩ કરોડ ઘરોમાં થયો છે. આનાથી દેશની આયાત પર નિર્ભરતા વધી ગઈ છે. કુલ એલપીજીનો લગભગ ૬૬% ભાગ વિદેશથી આવે છે અને તેમાંથી લગભગ ૯૫% ભાગ પમિ એશિયાઈ દેશોમાં જેમ કે સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત અને કતારમાંથી આવે છે

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના ડેટા અનુસાર, ભારતમાં આયાત ટર્મિનલ્સ, રિફાઇનરીઓ અને બોટલિંગ પ્લાન્ટ્સમાં સ્ટોરેજ ક્ષમતાનો જથ્થો રાષ્ટ્રીય સરેરાશ વપરાશના ફક્ત ૧૬ દિવસ માટે પૂરતો છે, ઇકોનોમિક ટાઇમ્સે અહેવાલ આપ્યો છે.

પેટ્રોલ અને ડીઝલની બાબતમાં દેશની સ્થિતિ ઘણી સારી છે. ભારત આ બંનેનો ચોખ્ખો નિકાસકાર છે. તે તેના સ્થાનિક પેટ્રોલ વપરાશના લગભગ ૪૦% અને ડીઝલ વપરાશના લગભગ ૩૦% નિકાસ કરે છે. જરૂર પડ્યે આ નિકાસ જથ્થાને સરળતાથી સ્થાનિક બજારમાં વાળી શકાય છે.

એલપીજી અમેરિકા, યુરોપ, મલેશિયા અથવા આફ્રિકાના ભાગો જેવા વૈકલ્પિકસ્ત્રોતોમાંથી પણ આયાત કરી શકાય છે, પરંતુ આ દેશોમાંથી માલ ભારતમાં પહોંચવામાં વધુ સમય લાગશે. તે જ સમયે, પાઈપ્ડ નેચરલ ગેસ ફક્ત ૧.૫ કરોડ ભારતીય ઘરો સુધી પહોંચ્યો છે. તેથી, દેશના ૩૩ કરોડ એલપીજી કનેક્શન માટે આ વ્યવહારુ વિકલ્પ નથી.૭

મોટા ભાગના સ્થળોએ જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા કેરોસીનનો પુરવઠો બંધ થઈ ગયો હોવાથી, શહેરોમાં ની અછત હોય તો વીજળીથી રસોઈ બનાવવી એ એકમાત્ર યોગ્ય વિકલ્પ બચ્યો છે.

ક્રૂડ ઓઇલના કિસ્સામાં, રિફાઇનરીઓ, પાઇપલાઇન્સ, જહાજો અને રાષ્ટ્રીય વ્યૂહાત્મક પેટ્રોલિયમ સ્ટોકમાં હાજર સ્ટોક લગભગ ૨૫ દિવસ સુધી રિફાઇનરીની કામગીરીને ટકાવી શકે છે.

ઇઝરાયલ-ઈરાન તણાવ વચ્ચે પણ, રિફાઇનરીઓ સંગ્રહખોરી અથવા ગભરાટમાં ખરીદી કરવાનું ટાળી રહી છે. તેમને વિશ્વાસ છે કે સપ્લાય ચેઇન બંધ થવાની શકયતા ઓછી છે.

જો આપણે હમણાં ઓર્ડર આપીએ તો પણ, માલ આવતા મહિને જ પહોંચશે. વધુમાં, અમારી પાસે વધારાનું તેલ સંગ્રહ કરવાની મર્યાદિત ક્ષમતા છે. જ્યારે વિક્ષેપનું જોખમ ઓછું હોય છે, ત્યારે કાર્યકારી મૂડીને જોડવી સમજદારીભર્યું નથી. વાસ્તવિક જરૂરિયાત સાવચેત રહેવાની અને સ્થાનિક ગ્રાહકોની સલામતી સુનિતિ કરવાની છે.

# પહલગામ હુમલા બાદ જાહેર કરાયેલા સ્કેચ હુમલાખોરોના છે જ નહીં, NIA ની પૂછપરછમાં ધડાકો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલામાં મોટો ઘટસ્ફોટ થયો છે. સુરક્ષા દળો જે પોસ્ટરના આધારે આતંકવાદીઓની શોધ કરી રહી છે, તે પોસ્ટર હુમલો કરનારા આતંકવાદીઓના છે જ નહીં.



નેશનલ ઇન્ટેલિજન્સ એજન્સીને ગઈકાલે મોટો પુરાવો મળ્યો છે. જેમાં હુમલાને અંજામ આપનારા આતંકવાદીઓ પાકિસ્તાનના રહેવાસી હતા. તેઓ પ્રતિબંધિત આતંકી જૂથ લશ્કર-એ તૈયબા સાથે જોડાયેલા હતા. આ ખુલાસો આતંકવાદીઓને મદદ કરનારા બે કાશ્મીરી નાગરિકો પરવેજ અહમદ જોથર અને બશીર અહમદ જોથરે કર્યો છે. આ બંને જણ પર આતંકવાદીઓને આશ્રય, ભોજન સહિતની અન્ય સુવિધાઓ પૂરી પાડી હોવાનો આરોપ છે.

NIAને આ બંને આરોપીએ જણાવ્યું હતું કે, ૨૦ એપ્રિલની રાત્રે ત્રણેય આતંકવાદીઓ અમારા ઘરે પહોંચ્યા હતાં. જ્યાં તેમણે ભોજન, પૈસા અને કોઈને પણ જાણ ન કરવાની ધમકી આપી હતી. આ હુમલા બાદ જમ્મુ-કાશ્મીર પોલીસે જે ત્રણ સંદિગ્ધ (હાશિમ મૂસા, અલી ભાઈ ઉર્ફ તલ્હા અને આદિલ હુસૈન ઠોકર) આતંકવાદીના સ્કેચ જાહેર કર્યા હતાં. તે ખોટા છે. વાસ્તવમાં પહલગામ હુમલામાં સામેલ આંતકવાદીઓમાંથી એકનું નામ સુલેમાન શાહ છે. જેણે ગતવર્ષે એક સુરંગ પર આતંકી હુમલો કર્યો હતો. આ હુમલામાં સાત મજૂરોના મોત થયા હતા. સુલેમાનના સાથીદાર જુનૈદ રમઝાન ભાટ ૪ ડિસેમ્બરના રોજ માર્યો ગયો હતો. તેના ફોનમાંથી મળી આવેલી તસવીરોમાંથી પહલગામ હુમલાના હુમલાખોરોની ઓળખ થઈ છે.

NIA અને કેન્દ્રીય એજન્સીઓએ હુમલા બાદ ત્રણ આતંકવાદીઓના પોસ્ટર જાહેર કર્યા હતા. જો કે, પરવેઝ અને બશીરે તે હુમલાખોરો ન હોવાનું જણાવ્યું છે. તેમણે જુનૈદના ફોનમાંથી મળી આવેલી તસવીરોમાંથી આતંકવાદીની ઓળખ કરી છે. તેઓ કાશ્મીરી નહીં પણ પાકિસ્તાનના નાગરિક છે.

# સુરતમાં મેઘરાજાની સટાસટીઃ બે કલાકમાં ૬ ઇંચ વરસાદ ખાબકયો

**મુખ્ય સમાચાર, સુરત**

ગુજરાતમાં વરસાદનો નવો રાઉન્ડ શરૂ થયો છે ત્યારે આજે સવારે સુરતમાં આભ ફાટયુ હોય તેમ બે કલાકમાં છ ઈંચ જેટલો અનરાધાર વરસાદ વરસતા સમગ્ર શહેરમાં જળબંબાકારની હાલત સર્જાઈ હતી અને લોકો કફોડી દશામાં મુકાઈ જવા સાથે શૈક્ષણિક સંસ્થાનોમાં રજા જાહેર કરી દેવામાં આવી હતી.

મેઘરાજાએ આજે સુરતનો વારો લીધો હોય તેમ સવારે બે કલાકમા છ ઈંચ વરસાદ વરસતા મીની પુરની હાલત સર્જાઈ હતી અને સર્વત્ર જળબંબાકારનું ચિત્ર ખડુ થયુ હતું. રસ્તાઓ બેટમાં ફેરવાઈ ગયા હતા અને વાહનો પણ અડધા ડુબી ગયાની હાલત વચ્ચે ઠેકઠેકાણે ટ્રાફીક જામ સર્જાયો હતો.



જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું હતું. સુરતની કોર્પોરેશન સંચાલીત શાળાઓમાં બપોરની પાળીમાં રજા જાહેર કરી દેવામાં આવી હતી. નીચાણવાળા ભાગોમાં પાણી ભરાયા હતા અને ઠેકઠેકાણે લોકો મુશ્કેલીમાં મુકાયા હતા.

બીજી તરફ આજે સવારે પુરા થયેલા ૨૪ કલાકમાં ગુજરાતના ૧૬૫ તાલુકાઓમાં હળવોથી ભારે વરસાદ નોંધાયો હતો. સ્ટેટ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરના રિપોર્ટ પ્રમાણે તમામ ૩૩ જીલ્લાના ૧૬૫ તાલુકામાં વરસાદ પડયો હતો. સૌથી વધુ સવા સાત ઈંચ વરસાદ જામનગર જીલ્લાના જોડીયામાં નોંધાયો હતો.

આ સાથે ગુજરાતમાં અત્યાર સુધીનો કુલ વરસાદ ૧૬૪.૩૩ મી.મી. થયો હતો. જે ટકાવારીની દ્રષ્ટિએ ૧૮.૬૧ ટકા થવા જાય છે. રાજયના તમામ ૨૫૧ તાલુકામાં અત્યાર સુધીમાં વતાઓછા પ્રમાણમાં વરસાદ વરસી ગયો છે.

ઝોનવાઈઝ વરસાદની ગણતરી કરવામાં આવે તો સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ૨૪.૭૭ ટકા, કચ્છમાં ૨૧.૪૨ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૪.૭૧ ટકા, મધ્ય ગુજરાતમાં ૧૭.૬૧ ટકા તથા દક્ષિણ ગુજરાતમાં ૧૫.૯૬ ટકા વરસાદ નોંધાયો છે.

# ઈરાન-ઈઝરાયેલના યુધ્ધને કારણે ભારત સહિત એશીયાના શેરબજારો ધડામ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુધ્ધમાં અમેરિકાની એન્ટ્રી થતા તેની અસરે ક્રુડ સહિતની ચીજોની સપ્લાય અસ્તવ્યસ્ત થવાના ભણકારોના પગલે ભારત સહિતન એશીયાના શેરબજારોમાં આજે મંદીનું મોજુ ફરી વળ્યું હતું. બીજી તરફ યુધ્ધમાં જે સામેલ છે તે ઈઝરાયેલના શેરબજારમાં જોરદાર રેકોર્ડબ્રેક તેજી થઈ હતી.

ઈઝરાયેલના શેરબજારમાં ઈન્ડેકસ પાંચ ટકા ઉછળ્યો હતો. ઈરાન સામેના યુધ્ધમાં ઈઝરાયેલને અમેરિકાની મદદ મળી જતા તેની અસરે માર્કેટ ઉછળ્યું હતું છતાં યુધ્ધમાં સીધી રીતે સામેલ હોવા છતા ઈઝરાયેલનું માર્કેટ ઉછળતા શેર બ્રોકરો તથા ઈન્વેસ્ટરો પણ મોઢામાં આંગળા નાખી ગયા હતા.



બીજી તરફ ભારત સહિતના એશીયાના દેશોમાં શેરબજાર મંદીમાં ધકેલાયું હતું. યુધ્ધની અસરથી ક્રુડ સહિતની સપ્લાય ખોરવાવાના ભયથી મંદી થઈ હતી. જાણીતા શેર બ્રોકરોના કહેવા પ્રમાણે યુધ્ધમાં વધુ કોઈ ગંભીર વળાંક આવવાની આશંકાથી વેચવાલીનો મારો હતો.

આવતા દિવસોમાં કેવું ચીત્ર સર્જાય છે તેના પર મીટ છે. વિદેશી નાણા સંસ્થાઓની વેચવાલીની પણ અસર હતી. ઈન્ફોસીસ, એકસીએલ ટેકનો. જેએસડબલ્યું સ્ટીલ, હિન્દ લીવર, એચડીએફસી બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, કોટક બેંક, લારસન, મહેન્દ્ર, મારૂતી, એન્ટીપીસીસ, પાવર ગ્રીડ, રીલાયન્સ, સ્ટેટ બેંક એવા શેરોમાં ગાબડા હતા.

મુંબઈ શેરબજારનો સેન્સેકસ ૭૧૬ પોઈન્ટના ઘટાડાથી ૮૧૬૯૧ હતો. તે ઉંચામાં ૮૧૯૮૪ તથા નીચામાં ૮૧૪૭૬ હતો. નીફટી ૨૧૪ પોઈન્ટ ઘટીના ૨૪૮૯૭ હતો. જે ઉંચામાં ૨૪૯૮૮ તથા નીચામાં ૨૪૮૨૪ હતો.

# ન્યુયોર્કમાં પ્રમુખ ટ્રમ્પ સામે લોકો વિરોધમાં ઉતર્યા

**મુખ્ય સમાચાર, વોશીંગ્ટન**

ઈરાન સામેના યુદ્ધમાં ઈઝરાયેલને સમર્થન આપીને ઈરાનના ત્રણ અણુસ્થાનો પર ત્રાટકનારા અમેરીકામાં આંતરીક વિરોધ શરૂ થયો હોય તેમ ન્યુયોર્કમાં પ્રમુખ ટ્રમ્પ સામે મોટી સંખ્યામાં લોકોએ એકત્રીત થઈને વિરોધ કર્યો હતો.

સેંકડો લોકોએ ન્યુયોર્કનાં માર્ગો પર રેલી યોજી હતી. પેલેસ્ટાઈનના ધ્વજ ફરકાવ્યા હતા. ઈરાન યુદ્ધમાં ડખલગીરી બંધ કરવાનાં પ્લેકાર્ડ સાથે સુત્રોચ્ચાર કર્યા હતા.




ઈરાનનાં ત્રણ અણુસ્થાનો પર હુમલો કર્યા બાદ વધુ હુમલા કરવાની અમેરીકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી જાહેર કરી જ છે આ સ્થિતિમાં ઘરઆંગણે કોઈ તનાવ ન સર્જાય તે માટે ન્યુયોર્ક સહિતનાં શહેરોમાં સુરક્ષા તંત્રને હાઈ એલર્ટના આદેશો કરવામાં આવ્યા છે.

વધારાના સુરક્ષા જવાનો તૈનાત કરી દેવામાં આવ્યા હતા. ખાસ કરીને ધાર્મિક, સાંસ્કૃતિક તથા રાજકીય સ્થળોએ સલામતી વ્યવસ્થામાં વધારો કરવામાં આવ્યો છે.

અમેરિકામાં એક વર્ગ ટ્રમ્પના ઈઝરાયેલની પડખે રહેવાનાં નિર્ણયથી ખુશ નથી અને ઈરાક યુદ્ધ વખતની યાદ આપવામાં આવી રહી છે અને અમેરિકી સૈન્ય જવાનોને જોખમમાં મુકવામાં આવી રહ્યાનો દાવો કરવામાં આવ્યો છે. અમેરીકા વધુ એક લાંબા સંઘર્ષમાં ફસાઈ જવાની પણ ભીતી પણ વ્યકત કરવામાં આવી છે.

# ઈરાન-ઈઝરાયલ વચ્ચેનો સંઘર્ષ ભારતના વેપાર ઉદ્યોગને નુકશાન પહોંચાડશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈરાન-ઈઝરાયેલ યુદ્ધમાં હવે અમેરિકાના કુદી પડવાથી આ લડાઈ હવે લાંબો સમય ચાલવાની આશંકા વધી ગઈ છે. ભારતની દ્દષ્ટિએ જોવામાં આવે તો આ સંઘર્ષ વેપારના મોરચે ઘણું નુકસાન પહોંચાડી શકે છે. આથી માત્ર ઈઝરાયેલ અને ઈરાન સાથે વેપારને અસર થશે, બલકે પશ્ચિમ એશિયાઈ દેશોની સાથે પણ ભારતના વેપાર પર વ્યાપક અસર પડી શકે છે.

વિશેષજ્ઞોનું કહેવું છે કે, યુદ્ધ લાંબુ ચાલવાથી હોર્મુજ જલડમરુ-મધ્ય અને લાલ સાગર ક્ષેત્રમાં વાણિજિયક જહાજોની અવર-જવરને અસર થઈ શકે છે. આ પરીસ્થિતિમાં માલનું પરિવહન મોંઘુ થશે અને દેશમાં મોંઘવારી વધી શકે છે. હાલમાં ભારત અને યુરોપ વચ્ચે ૮૦ ટકા વેપાર લાલ સાગરના માધ્યમથી થાય છે. અમેરિકા સાથે પણ ઘણી માત્રામાં વેપાર આ માર્ગથી થાય છે.

બન્ને ક્ષેત્ર ભારતની કુલ નિકાસમાં ૩૪ ટકા ભાગીદારી રાખે છે. આ ક્ષેત્રના મહત્વને કંઈક આ રીતે પણ સમજી શકાય છે કે લાલ સાગર સમુદ્રી માર્ગના માધ્યમથી વિશ્વના ૩૦ કન્ટેનર ટ્રાફિક અને ૧૨ ટકા વૈશ્વિક વેપાર થાય છે. યુદ્ધની સ્થિતિમાં લાલ સાગરને અસર થવાથી વૈશ્વિક વેપાર પર તેની અસર પડશે અને હવાઈ અને સમુદ્રી માલ ભાડાની કિંમત વધશે.

બીજી બાજુ ભારતનુ લગભગ બે તૃતિયાંશ કાચુ તેલ (ક્રુડ ઓઈલ) અને અડધાથી વધુ એલએનજી આયાત જલડમરુમધ્યથી થઈને થાય છે, જેને હવે ઈરાને બંધ કરવાની ધમકી આપી છે. આ જલમાર્ગ માત્ર ૨૧ માઈલ પહોળો છે, વૈશ્વિક તેલ વેપારનો લગભગ પાંચમો ભાગ આ માર્ગથી થઈને પસાર થાય છે.

વધુ સમય લાગશે ભારતીય નિકાસ સંગઠનોના મહાસંઘ (ફિયો)ના મહાનિર્દેશક અને મુખ્ય કાર્યકારી અધિકારી અજય સહાય કહે છે કે યુદ્ધને લઈને લાલ સાગર અને હોર્મુજ જલડમરુમધ્ય માર્ગને અસર થશે. જેના કારણે ભારતનું માલ પરિવહન કેપ ઓફ ગુડ હોપ માર્ગ (આફ્રિકા)થી કરવું પડશે. આથી યુરોપ, મધ્યપુર્વ અને અમેરિકા સુધી જનારા સમુદ્રી જહાજોને ૧૪થી૨૦ દિવસનો વધારાનો સમય લાગશે.

સંચાલન સીમીત થવાથી કિંમતોમાં વધારાની સંભાવના વિશેષજ્ઞોના અનુસાર યુદ્ધની સ્થિતિમાં સુરક્ષાને ધ્યાનમાં રાખીને મોટાભાગની કંપનીઓ, પોતાના વાણિજિયક જહાજોનું સંચાલન સીમીત કરી નાખશે. યુદ્ધ અને સામાન્ય કાર્ગો ઈંસ્યોરન્સ પણ હવે મોંઘો થઈ જશે.

આ બધાના કારણે માલ પરિવહનના ભાવ ઝડપથી વધશે. તેલથી માંડીને અન્ય વસ્તુઓ મોંઘા ભાવે આયાત-નિકાસ થશે, તેથી સીધી રીતે કિંમતો પર ભારે વધારો થઈ શકે છે.

ભારત પર પડી શકે છે અસર યુદ્ધ દરમિયાન નિકાસ સાથે જોડાયેલા માર્ગને અસર થવાથી નિકાસ ખર્ચ વધશે. નિકાસ ખર્ચ વધવાથી વસ્તુઓની કિંમત વધવાથી ભારતમાં મોંઘવારી વધશે.

યુદ્ધની સ્થિતિમાં રૂપિયા પર દબાણ પડશે અને સરકારની નાણાકીય યોજનાઓમાં મુશ્કેલી આવી શકે છે. જહાજ પરિવહન અને કન્ટેનર સાથે સંકળાયેલી મુશ્કેલી ઉભી થઈ શકે છે.

બન્ને દેશો સાથે કેટલો વેપાર વર્ષ ૨૦૨૪-૨૫માં ઈઝરાયેલને ભારતે ૨.૧ અબજ ડોલરની નિકાસ કરી, જયારે આયાત ૧.૬ અબજ ડોલર રહી હતી. ગત નાણાકીય વર્ષમાં ઈરાન સાથે ભારતની આયાત ૪૪૧.૮ અબજ ડોલર હતી.

# ઓસ્ટ્રેલિયન કોન્સ્યુલ જનરલ સહિતની ટીમ વેપાર-ઉદ્યોગ અને રમત ગમત-શિક્ષણની બાબતના સર્વે અર્થે જામનગર પહોંચી

## જામનગરના ધારાસભ્ય દિવ્યેશ અકબરી સાથે બંને દેશ વચ્ચે વેપાર-ઉદ્યોગ રમતગમત-શિક્ષણ અને સ્વાસ્થ્ય ને લગત બાબતોની ચર્ચા થઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, ઓસ્ટ્રેલિયન કોન્સ્યુલ જનરલ સહિતની ટીમ જામનગરની મહેમાન બની હતી, અને ધારાસભ્ય દિવ્યેશ અકબરી સાથે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના રમત ગમત, ઉદ્યોગ, વ્યાપાર, શિક્ષણ, અને સ્વાસ્થ્ય ને લગતી બાબતો ની ચર્ચા વિચારણા થઈ હતી. ઉપરાંત આગામી ઓલમ્પિક ગુજરાતમાં રમાશે તે સંદર્ભે વિશેષમાં વાતચીત થઈ હતી.અને બંને દેશના વિચારો નું આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું. સાથો સાથ તમામ પ્રતિનિધિ મંડળને રણમલ લેક તથા લાખોટા મ્યુઝિયમ ની મુલાકાત પણ કરાવી હતી.

ઓસ્ટ્રેલિયન કોન્સ્યુઅલ જનરલ પોલ મર્ફી, કે જેઓ પશ્ચિમ ભારત ના ગુજરાત મહારાષ્ટ્ર સહિતના ત્રણ રાજ્યના કોન્સ્યુલેટ છે. ભારત સાથે ઓસ્ટ્રેલિયાના વેપાર ઉદ્યોગ, રમતગમત સહિતના મુદ્દે ચર્ચા વિચારણા અને વિચારોનું આદાન પ્રદાન કરવા માટે જામનગરના મહેમાન બન્યા હતા ઓસ્ટ્રેલિયન કોન્સ્યુલ જનરલ પોલ મર્ફી ની સાથે વાઈસ કોન્સ્યુલ યાન સિંકલેર, ઉપરાંત ઓસ્ટ્રેલિયન જનરલ મુંબઈની વિદેશી બાબતો અને વેપાર જગતના સંશોધન અધિકારી ઐશ્વર્યા વર્મા સહિતની સમગ્ર ટીમ જામનગર આવી હતી, અને નગરના ધારાસભ્ય દિવ્યેશ અકબરી ના જન સંપર્ક કાર્યાલય પર આવી પહોંચ્યા હતા, અને ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના ઉદ્યોગ વ્યાપાર રમત ગમત શિક્ષણ અને સ્વાસ્થ્યને લગતી બાબત ની ચર્ચા વિચારણા કરી હતી, અને એકબીજાના વિચારોનું આદાન પ્રદાન કરવામાં આવ્યું હતું.

ધારાસભ્ય દિવ્યેશ અકબરી અને તેઓની સમગ્ર ટીમ દ્વારા સર્વે ઓસ્ટ્રેલિયા મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉપરાંત આગામી ઓલમ્પિક ગુજરાતમાં રમાશે,જે અંગે વિશેષથી વાતચીત કરી હતી, અને બંને દેશ વચ્ચે એકબીજાના વિચારો વ્યક્ત કરવામાં આવ્યા હતા.તેઓની જામનગરની મુલાકાત દરમિયાન ધારાસભ્ય દિવ્યેશ અકબરી દ્વારા જામનગરની શાન એવા રણમલ લેક અને લાખોટા મ્યુઝિયમની મુલાકાત કરાવી હતી, અને તેઓ લાખોટા મ્યુઝીયમ નિહાળીને અભિભૂત થયા હતા.

આવેળાએ ધારાસભ્ય દિવ્યેશ અકબરીની સાથે નગરના મેયર વિનોદભાઈ ખીમસૂરીયા, ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા, જામનગર, મહાનગરપાલિકાના પ્રોજેક્ટ એન્ડ પ્લાનિંગ વિભાગના રાજીવ જાની વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા, અને જામનગરના ઈતિહાસ તેમજ લાખોટા મ્યુઝિયમ સંબંધે સંપૂર્ણ જાણકારી પણ આપી હતી.ઓસ્ટ્રેલિયાનું સર્વે પ્રતિનિધિ મંડળ જામનગરની મુલાકાતથી અભિભૂત થયું હતું, અને બન્ને દેશ વચ્ચેના વિચારો નું આદાન-પ્રદાન કરવા બદલ ધારાસભ્ય દિવ્યેશ અકબરી અને તેઓની ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત તમામને જામનગરની પ્રચલિત વસ્તુઓની ભેટ સોગાદ પણ યાદગીરી રૂપે અપાઇ હતી.

# જામનગર શહેરમાં બે લૂંટની ઘટનાને અંજામ આપનાર લૂંટારૂ બેલડી એલસીબીના હાથે ઝડપાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં જુદી જુદી બે લૂંટની ઘટનાઓનો ભેદ ઉકેલવામાં એલસીબીની ટુકડીને સફળતા સાંપડી છે, અને અલગ અલગ બે લૂંટ ના બનાવને અંજામ આપનાર લૂંટારુ બેલડીને દાગીના, રોકડ રૂપીયા, છરી, મોબાઈલ ફોન તથા મો.સા. મળી કુલ રૂ. ૧,૫૨,૦૫૦ ના મુદ્દામાલ સાથે એલસીબી ની ટુકડીએ ઝડપી લીધી છે.જામનગરમાં રહેતા જાહીદભાઈ ઈકબાલભાઈ સૈયદ ગઇ તા.૧૫/૬/૨૦૨૫ના રોજ પોતાનુ મો.સા. લઇ નોકરી ઉપર જતા હતા તે દરમ્યાન હાપા રેલ્વે યાર્ડ પાસે પહોંચતા બે અજાણયા માણસોએ પોતાનુ મો.સા. ફરી.ના મો.સા. સાથે ભટકાડી છરી બતાવી લૂંટી લેવાના ઇરાદે તેના ખિસ્સા માં તપાસ કરતા કાંઇ મળી આવ્યું ન હતું.તે ઉપરાંત જામનગરમાં સમર્પણ સર્કલ નજીક રહેતા કરશનભાઇ ચંદુભાઈ ઝાલા પોતાની નોકરી પૂરી કરી મો.સા. લઇ ઘરે જતા હતા, તે દરમ્યાન તેને માર મારી છરી બતાવી તેના ખિસ્સા માંથી રોકડ રૂ. ૧૫૦૦ તથા સોનાનો પેન્ડલ વાળો ચેન લૂંટી લઈ નાશી જતાં બન્ને અજાણ્યા માણસો વિરૂધ્ધ જામનગર રેલ્વે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.આ ઉપરાંત ગત તા.૧૫/૬/૨૦૨૫ના રોજ અજયસિંહ શીવુભા જાડેજા રહે. લીમડા લાઈન, મકરાણી પાડો જામનગર વાળા પગપાળા ચાલીને સપડા દર્શન કરવા જતાં હતા, ત્યારે રાજપાર્કની સામે, આયકર વિભાગની બાજુમાં પહોંચતા પાછળથી બે અજાણ્યા માણસો આવી છરી વડે છજા કરી ઢીકાપાટુ નો માર મારી ફરીયાદીના ખિસ્સા માંથી રૂ. ૧૫૦૦ની લુંટ કરી નાશી જતા ફરીયાદીએ અજાણયા માણસો વિરૂધ્ધ જામનગર સીટી એ. ડીવી. પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જે બંને ગુના વણશોધાયેલા હતા.જેથી એલ.સી.બી.ના પોલીસ ઇન્સ. વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ એલ.સી.બી.ના પો.સ.ઈ. પી.એન.મોરી તથા પો.સ.ઇ. સી.એમ.કોટેલીયા તથા સ્ટાફના માણસોની અલગ અલગ ટીમો બનાવી બનાવ વાળી જગ્યાની વિઝીટ કરી, સીસીટીવી ફુટેજ ચેક કરી, ટેકનીકલ સોર્સ તથા હ્યુમન સોર્સનો ઉપયોગ કરી જરૂરી વર્ક આઉટ કરવામાં આવ્યું હતું. અને જામનગર શહેરમાં લાલવાડી દેરાસર રોડ, અપૂર્વ એવન્યુ-૨, સબ સ્ટેશન પાસેથી અલગ અલગ જગ્યાએ લૂંટને અંજામ આપનાર આમીનભાઇ ઉર્ફે નવાજ રફીકભાઇ ચાવડા રહે. શાક માર્કેટ પાછળ, વાઘેરવાડો, જામનગર.અને હમદભાઇ ઉર્ફે અબાડો રફીકભાજી કથીરી રહે. મોરકંડા રોડ, ગરીબનવાજ સોસાયટી, જામનગરની અટકાયત.કરી લીધી છે. જ્યારે તેઓના કબજામાંથી લૂટ કરી મેળવેલ સોનાના દાગીના, સૈકડ રૂપીયા તથા ગુનો કરવામાં ઉપયોગ કરેલ મોબાઇલ ફોન, છરી તથા એકસેસ મો.સા. જી.જે.૧૦ ડીબી ૫૬૦૦ મળી કુલ રૂ. ૧.૫૨,૦૫૦ની માલમતા કબજે કરી છે.

# જામનગર શહેર ભાજપ દ્વારા પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલિ અર્પવા માટેની પ્રાર્થના સભા યોજાઈ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ભારતીય જનતા પાર્ટી જામનગર મહાનગર દ્વારા વિમાન દુર્ઘટનામાં અવસાન પામેલા તમામ દિવંગતો, અને ભારતીય જનતા પાર્ટીના ગુજરાત રાજ્યના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ, તેમજ ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ આપવા માટેની પ્રાર્થના સભાનું આયોજન રવિવાર તારીખ ૨૨ જૂનના સવારે ૧૧૦૦ વાગ્યે ઓસવાળ સેન્ટર ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં શહેર ભાજપના અનેક હોદ્દેદારો,કોર્પોરેટરો, કાર્યકરો, તેમજ નગરના અન્ય શ્રેષ્ઠીઓ, વેપારી અગ્રણીઓ વગેરેએ ઉપસ્થિત રહી સ્વ વિજય રૂપાણી તથા અન્ય દિવંગતોને પુષ્પાંજલિ અર્પિત કરી હતી.આ શ્રદ્ધાંજલિ અર્પવા માટેની પ્રાર્થના સભામાં જામનગર જિલ્લાના સાંસદ , ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, અને રિવ-બા જાડેજા, શહેર ભાજપના અધ્યક્ષ બીનાબેન કોઠારી, પૂર્વ અધ્યક્ષ ડો. વિમલભાઈ કગથરા, સ્ટેન્ડિંગ વગેરે ઉપસ્થિત રહ્યા હતા, ઉપરાંત દિવંગત શૈલેષભાઇ પરમાર અને બક્ષી પરિવાર વતી ડો. કેયુર બક્ષી, આશિષ બક્ષી વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરના ધ્રોલમાં બની દુર્ઘટના, રમતા રમતા પાણીના ખાડામાં પડી જતા ભાઈ-બહેનના મોત




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ધ્રોલથી એક કરૂણ ઘટના સામે આવી છે. જેમાં ધ્રોલમાં બે ભાઈ-બહેન રમતા-રમતા પાણીના ખાડામાં પડી જતાં બંને મોત નીપજ્યા હતા. દાહોદથી ખેત મજૂરી કરવા આવેલા પરિવારના બે બાળકોની મૃત્યુ થતાં શોક છવાયો છે. સમગ્ર ઘટના અંગે જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે આવી પહોંચી હતી.મળતી માહિતી મુજબ, દાહોદથી જામનગરના ધ્રોલના માણેકપર ગામે ખેત મજૂરી કરવા આવેલા પરિવારના ૧૦ વર્ષીય અવિનાશ અને ૮ વર્ષીય અનિતા પાણીના ખાડામાં પડી ગયા હતા.બાળકો પાણીના ખાડા પડ્યા હોવાની પરિવારને જાણ થતાં તાત્કાલિક તેમને ધ્રોલ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ દુર્ઘટનામાં બંને ભાઈ-બહેનના મોત નીપજ્યા હતા. સમગ્ર ઘટના મામલે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉનાના નવાબંદર પોલીસે પીલાણુ (હોડી)ના મશીન ચોરીના ગુન્હામાં આરોપીને ઝડપી પાડ્યો

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

ઊનાના નવાબંદર મરીન પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે બોટ (પીલાણું) માંથી મશીનની ચોરીના એક અનડિટેકટેડ ગુનાનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે. આ ગુનામાં સંડોવાયેલ એક ઈસમને ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો છે.ગત તારીખ ૦૩/૧૨/૨૦૨૪ ના રોજ નવાબંદરના મનસુખભાઈ ભગવાનભાઈ સોલંકીએ નવાબંદર મરીન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તેમની ''ધ્રુવ પ્રસાદ'' નામની પીલાણું (હોડી), જેના રજીસ્ટ્રેશન નંબર IND-GJ-14-MO-2306 છે, તેમાંથી યામાહા કંપનીનું રૂ. ૭૫,૦૦૦/- ની કિંમતનું મશીન કોઈ અજાણ્યા ચોર ઈસમ દ્વારા ચોરી કરી લેવામાં આવ્યું હતું. આ અંગે નવાબંદર મરીન પો.સ્ટે.માં બી.એન.એસ કલમ - ૩૦૩ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.નવાબંદર પોલીસ સ્ટેશન ના સર્વેલન્સ સ્કોડના માણસો પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન પો. હેડ કોન્સ્ટેબલ પી.પી. બાંભણીયા, જીતેશકુમાર દમણીયા અને પો. કોન્સ્ટેબલ સંદીપભાઈ ઝણકાટની સંયુક્ત ખાનગી બાતમીના આધારે ચોરીમાં સંડોવાયેલ ઈસમ આરીફ મનસુરી ધંધો માછીમારી તેના પાસે એક મોબાઈલ મશીન કુલ મુદ્દામાલ ૮૦ હજારનો ઝડપી પાડી અને તેના પર કાયદેસરની કાર્યવાહી નવાબંદર મરીન પોલીસે કરી



# જામનગર જિલ્લાના ૪૨૬ મતદાન મથકો પર શાંતિપૂર્ણ માહોલમાં ૭૫.૦૬ ટકા મતદાન







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં ૧૮૭ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે સવારે સાત વાગ્યાથી મતદાનનો પ્રારંભ થયો હતો, મતદાનના પ્રારંભથી જ નાગરિકોનો.અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો હતો, જિલ્લાના ધ્રોલ-કાલાવડ, જામજોધપુર, જામનગર, લાલપુર અને જોડીયા તાલુકાઓની સામાન્ય, વિભાજન, મધ્યસત્ર અને પેટા ચૂંટણીઓ માટે કુલ ૧,૯૫,૪૮૮ લોકોએ મતદાન કર્યું હતું.જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના માર્ગદર્શન હેઠળ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન પ્રક્રિયાને શાંતિપૂર્ણ અને સુચારુ રુપે સંપન્ન કરવામાં આવી હતી,

કુલ ૪૨૬ મતદાન મથકો નક્કી કરવામાં આવ્યા હતા, જેમાં ૧૦૧ મતદાન મથકોને સંવેદનશીલ જાહેર.કરવામાં આવ્યા હતા, છ તાલુકાના આ તમામ મતદાન મથકો ખાતે ૨૨૪૪ જેટલાં સ્ટાફને ચૂંટણી ફરજ સોંપવામાં આવી હતી, ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો,એએસપી અને ડીવાયએસપી કક્ષાના અધિકારીઓ સહિત કુલ ૧૫૦૦ જેટલા જવાનોની નિમણૂંક કરાઈ હતી, મતદાન મથકો ખાતે અને સ્ટ્રોંગ રુમ તેમજ મત ગણતરી કેન્દ્રો ખાતે પોલીસ ફોર્સ અને હોમગાર્ડઝ મળી કુલ ૧૯૧૫ જવાનોને ફરજ સોંપાઈ હતી.

ગઈકાલે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ૧,૦૪,૭૭૩ પુરુષોએ અને ૯૦,૭૧૫ મહિલાઓએ મતદાન કર્યું હતું, મતદાન પુર્ણ થયા સમયે મતદાનની ટકાવારી ૭૫.૦૬ ટકા નોંધાઈ હતી, તેમજ ગઇકાલે સવારથી જ ગ્રામ્ય વિસ્તારોમાં મતદાન માટે મતદારોની લાંબી-લાંબી કતારો સાથેની ભારે ભીડ જામી હતી.

# જામનગરને પીવાનું પાણી પૂરું પાડતો રણજીતસાગર ડેમ છલકાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર.ઉપરવાસમાં ભારે વરસાદની પગલે જામનગરના ઐતિહાસિક ડેમ અને જામનગરની જીવાદોરી સમાન રણજીતસાગર ડેમમાં પણ નવા નીરના આગમન થયા હતા.

વરસાદને પગલે જામનગરના રણજીસાગર ડેમમાં નવા નિર્માણની પધરામણી થઈ છે.૧૯ ફૂટ પાણી હતું અને હાલની સપાટી ૨૧ ફૂટ થઈ છે.

# જામનગરને પીવાનું પાણી પૂરું પાડતો રણજીતસાગર ડેમ છલકાયો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ૭.૫ ઇંચ વરસાદ, રણજીતસાગર ડેમ છલકાયો.જામનગર જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ભારે વરસાદે તબાહી મચાવી છે, જેના કારણે જિલ્લાના અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે.જોડીયા, કાલાવડ અને જામજોધપુર જેવા તાલુકાઓમાં ભારે વરસાદ નોંધાયો છે, જ્યારે જામનગરના ગ્રામ્ય વિસ્તારોમાં બે ડેમ છલકાયા છે.જામનગર શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પૂરની સંભાવનાને ધ્યાને રાખીને એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.જોડીયામાં સાડા સાત ઇંચ વરસાદ.જામનગર જિલ્લાના જોડીયા તાલુકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૭.૫ ઇંચ વરસાદ નોંધાયો છે, જેના કારણે આ વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી રહેવાસીઓને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ગામડાઓના રસ્તાઓ અને ખેતરો પાણીમાં ગરકાવ થઈ ગયા છે, જેનાથી ખેડૂતોને પાકના નુકસાનનો ભય સતાવી રહ્યો છે.કાલાવડ.અને.જામજોધપુરમાં પણ ભારે વરસાદ.કાલાવડ તાલુકામાં ૪.૫ ઇંચ અને.જામજોધપુરમાં ૨.૫ ઇંચ વરસાદ નોંધાયો છે. આ વરસાદે ગ્રામ્ય વિસ્તારોમાં પાણીના નાના-મોટા પ્રવાહો શરૂ કર્યા છે, જેના કારણે કેટલાક રસ્તાઓ પર વાહનવ્યવહાર ખોરવાયો છે. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા રસ્તાઓ ખોલવા અને રાહત કામગીરી માટે પગલાં લેવામાં આવી રહ્યાં છે.જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે વરસાદના કારણે બે ડેમ છલકાયા છે. શહેરને પીવાનું પાણી પૂરું પાડતો રણજીતસાગર ડેમ ભરાઈને છલકાઈ ગયો છે, જેનાથી આજુબાજુના વિસ્તારોમાં પૂરનો ખતરો વધ્યો છે. વાગડીયા ડેમ પણ સંપૂર્ણ રીતે ભરાઈ ગયો છે, જ્યારે રંગમતી ડેમ ૮૦ ટકા સુધી ભરાયો છે. આ ડેમોની સ્થિતિને ધ્યાને રાખીને જિલ્લા વહીવટી તંત્રે આજુબાજુના ગામોને સાવચેત રહેવા સૂચના આપી છે.

# સાવલિયા આંખની હોસ્પિટલમાં ન્યૂરો-ઓપ્થેલ્મોલોજી સહિત નવા બે વિભાગોની શરૂઆત

## ૨૦ વર્ષ કરતા વધુ અનુભવ ધરાવતા નિષ્ણાત ડૉક્ટર્સની ટીમ દર્દીઓની આંખની સારવાર કરવા માટે કટિબદ્ધ




તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ અને કાલાવડ ખાતે આવેલી ગુજરાતની અગ્રણી આંખની હોસ્પિટલ સાવલિયા આંખની હોસ્પિટલ પોતાની ૨૦મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે આંખની સારવારના ક્ષેત્રે નવા ધોરણો સ્થાપિત કરી રહી છે. સાવલિયા આંખની હોસ્પિટલમાં નવા બે વિભાગોની શરૂઆત કરવામાં આવી છે, જે સૌરાષ્ટ્રના લોકો માટે અદ્યતન સારવારની સુવિધા પૂરી પાડશે.

ન્યૂરો-ઓપ્થેલ્મોલોજી વિભાગ કે જે સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત શરૂ થયો છે. આ વિભાગ મગજ સાથે સંલગ્ન આંખની સમસ્યાઓની સારવાર માટે સમર્પિત છે. આ વિભાગ સૌરાષ્ટ્રના દર્દીઓ માટે આશીર્વાદરૂપ ગણાશે, કારણ કે તે આંખની જટિલ સમસ્યાઓનું નિદાન અને સારવાર રાજકોટ તથા સૌરાષ્ટ્રના લોકોને સ્થાનિક રીતે ઉપલબ્ધ કરાવશે. બીજો નવો વિભાગ ગ્લુકોમા (ઝામર) સારવાર માટે બનાવવામાં આવ્યો છે, જે આંખની દ્રષ્ટિ કાયમ માટે ગુમાવવાના જોખમને ઘટાડવા માટે અગત્યનું પગલું છે.

ન્યૂરો-ઓપ્થેલ્મોલોજી વિભાગની શુભ શરૂઆત સાથે આ વિભાગમાં ડૉ. ગૌતમ કુકડીયા પણ જોડાયા છે. ડૉ. ગૌતમ કુકડિયાએ ખઇઇજ, ઉગઇ (ઓપ્થેલ્મોલોજી)નો અભ્યાસ કર્યો છે અને તેઓએ તમિલનાડુના પ્રતિષ્ઠિત The Eye Foundation Group ઘર ઇંજ્ઞતાશફિંહ માં ૧૪ વર્ષ સુધી સેવા આપી છે. તેમણે ૧૫,૦૦૦થી વધુ રેટિના લેસર સર્જરીઓ અને ૭,૦૦૦થી વધુ ઇન્ટ્રાવિટ્રીયલ ઇન્ટ્રાઓક્યુલર ઇન્જેક્શન પ્રક્રિયાઓ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. ડૉ. કુકડિયા વિવિધ રેટિના, યુવિયા અને ન્યૂરો- ઓપ્થેલ્મોલોજીની સમસ્યાઓ અને વિકૃતિઓનું નિદાન અને સંચાલન કરવા માટે સિનિયર કન્સલ્ટન્ટ તરીકે પણ કાર્યરત છે.

ગ્લુકોમા વિભાગમાં ડૉ. રશ્મિતા કુકડિયા જોડાયા છે. ડૉ. રશ્મિતા કુકડિયાએ MBBS, MS (ઓપ્થેલ્મોલોજી)માં ગોલ્ડ મેડલ મેળવ્યો છે. તેમણે ૩૭,૦૦૦થી વધુ મોતિયાની સર્જરીઓ અને ૨,૦૦૦થી વધુ ગ્લુકોમા સર્જરીઓ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. ડૉ. રશ્મિતા કુકડિયા વિવિધ વય જૂથોમાં વય-સંબંધિત મોતિયાની સ્થિતિનું નિદાન અને સંચાલન કરવામાં નિપુણ છે. આ ઉપરાંત, તેઓ ગ્લુકોમાની સારવારમાં પણ નિષ્ણાત છે. ડૉ. રશ્મિતા કુકડિયા જટિલ ગ્લુકોમા કેસોની સારવાર, લેસર દ્વારા ગ્લુકોમા સારવાર, ટ્રેબેક્યુલેક્ટોમી અને મિનિમલી ઇન્વેસિવ ગ્લુકોમા સર્જરી (MIGS) જેવી અદ્યતન પ્રક્રિયાઓમાં પણ પારંગત છે.

સાવલિયા આંખની હોસ્પિટલે દર્દીઓની સુવિધા માટે સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત સવારે ૮ થી રાત્રે ૯:૩૦ સુધી સતત OPD સેવા શરૂ કરી છે. આ ઉપરાંત, ૨૪ કલાક ઇમરજન્સી સારવારની સુવિધા પણ ઉપલબ્ધ છે, જે દર્દીઓને ગમે ત્યારે તાત્કાલિક સારવાર મેળવવાની સુવિધા આપે છે. હોસ્પિટલમાં ૨૦ વર્ષથી વધુનો અનુભવ ધરાવતા નિષ્ણાત ઓપ્થેલ્મોલોજીસ્ટની ટીમ કાર્યરત છે, જે તમામ દર્દીઓને ઉચ્ચ ગુણવત્તાની સારવાર પૂરી પાડે છે. આ ટીમનું નેતૃત્વ ગુજરાતમાં સિંગલ સીટિંગ માં રોબોટિક આઈ સર્જરીના શરૂઆત ના પ્રણેતા ડૉ. અનુરથ સાવલિયા કરે છે, જેમણે હજારો દર્દીઓના જીવનમાં નવી દ્રષ્ટિનો પ્રકાશ ફેલાવ્યો છે. સાવલિયા આંખની હોસ્પિટલ રાજકોટના ૧૫૦ ફીટ રીંગ રોડ પર બાલાજી હૉલ નજીક અને કાલાવડમાં બસ-સ્ટેન્ડ રોડ ખાતે આવેલી છે.

# વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજમાં વિશ્વ યોગ દિવસની ભવ્ય ઉજવણી કરાઇ

યોગ એટલે ઉદ્યમી, ઉપયોગી, જોડવું વગેરે ઘણા અર્થ થાયઃ વીવીપીમાં ઉદ્યમી, સમાજ ઉપયોગી એંજીનીયરો નું નિર્માણ કરવું અને તેમને સમાજ સાથે જોડાવાનું કાર્ય વર્ષો થી થાય છેઃ - પ્રિન્સીપાલ ડો. પિયુષભાઈ વણઝારા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શાનદાર ઉજવણી થઈ હતી. આ પ્રસંગે વી.વી.પી.ના કર્મચારીઓએ વહેલી સવારમાં બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો.

વીવીપી ના પ્રિન્સીપાલ ડો. પિયુષભાઈ વણઝારાએ જણાવ્યું હતું કે યોગ એટલે ઉદ્યમી, ઉપયોગી, જોડવું વગેરે ઘણા અર્થ થાય વીવીપીમાં ઉદ્યમી, સમાજ ઉપયોગી એંજીનીયરો નું નિર્માણ કરવું અને તેમને સમાજ સાથે જોડાવા નું કાર્ય વર્ષો થી થાય છે. ઈન્ટરનેશનલ યોગ દિવસ ની ઉજવણી વી.વી.પી.ના વિદ્યાર્થીઓ, કર્મચારીઓ યોગાભ્યાસ દ્વારા કરે જ આ પરંપરા અમે વર્ષોથી જાળવી રાખી છે અને આ અગિયાર માં આંતર રાષ્ટ્રીય યોગ દિવસ નિમિતે પણ તે કાયમ છે એટલું જ નહિં અમારી સંસ્થાના ઘણાં કર્મચારીઓ નિયમિત પણે આ અભ્યાસ કરી રહ્યા છે.

વિશ્વ યોગ દિવસ'' ની ઉજવણી ના સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રિન્સીપાલ ડો. પિયુષભાઈ વણઝારા ના માર્ગદર્શન હેઠળ પ્રો. સચીનભાઈ રાજાણી , સ્પોર્ટસ કન્વીનર પ્રો. પાર્થભાઈ દેલવાડીયા, પ્રો. કુંજનભાઈ ભંડેરી, સ્પોર્ટસ ટીચર શ્યામભાઈ પુરોહિત, કેતનભાઈ પરમાર અને રાહુલભાઈ જાદવ તેમજ સમગ્ર કર્મચારીગણે ભારે જહેમત ઉઠાવી હતી.

પ્રસ્તુત કાર્યક્રમની સફળતા બદલ સંસ્થાના ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ હર્ષલભાઈ મણીઆર ડો. સંજીવભાઈ ઓઝા, ડો. નરેન્દ્રભાઈ દવે તથા ડૉ . નવીનભાઈ શેઠે અભિનંદન પાઠવેલ છે.

## ૨૩ જૂન વિશ્વ ગંગાસ્વરૂપા દિવસ

# રાજકોટ જિલ્લામાં મે માસ દરમિયાન ૭૧ હજારથી વધુ મહિલાઓએ 'ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના'નો લાભ લીધો

પુન ઘર સંસાર વસાવવા એક વર્ષમાં ૬ મહિલાઓને કુલ રૂ.૩ લાખની સહાય કરાઈ

**આલેખનઃ માર્ગી મહેતા**

સમાજમાં એવી અનેક મહિલાઓ છે, જેમણે કપરા સંજોગોનો સામનો કરી રહી છે. ખાસ કરીને ગંગાસ્વરૂપ સ્ત્રીઓ, જેમણે પોતાના જીવનસાથી ગુમાવ્યા છે છતાં હિંમત હાર્યા વિના જીવન જીવી રહી છે. આવા સમયે ગુજરાત સરકારની 'ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના' અને 'ગંગાસ્વરૂપા પુન લગ્ન આર્થિક સહાય યોજના' તેમના માટે આશાના કિરણ સમાન છે. આ યોજનાઓ માત્ર આર્થિક મદદ જ નથી આપતી, પરંતુ તેમને સમાજમાં સન્માનભેર જીવવા માટે સક્ષમ બનાવે છે.

સમગ્ર વિશ્વમાં ગંગાસ્વરૂપ મહિલાઓની સમસ્યાઓ અંગે જાગૃતિ લાવવા દર વર્ષે ૨૩ જૂને 'આંતરરાષ્ટ્રીય ગંગાસ્વરૂપા દિવસ' અન્વયે વિવિધ કલ્યાણકારી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ગંગાસ્વરૂપ મહિલાઓને આર્થિક આધાર આપવાના ઉમદા આશય સાથે વર્ષ ૧૯૭૯થી 'ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના' અમલી છે.

રાજકોટ જિલ્લા મહિલા અને બાળ કલ્યાણ અધિકારીશ્રી જનકસિંહ ગોહિલે જણાવ્યું છે કે, જિલ્લામાં મે, ૨૦૨૫ દરમિયાન ૭૧ હજારથી વધુ મહિલાઓએ 'ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના'નો લાભ લીધો હતો. જ્યારે પુન ઘર સંસાર વસાવવા એપ્રિલ, ૨૦૨૪થી માર્ચ, ૨૦૨૫, એમ એક વર્ષ દરમિયાન ૦૬ ગંગાસ્વરૂપ મહિલાઓને 'ગંગાસ્વરૂપા પુન લગ્ન આર્થિક સહાય યોજના' હેઠળ રૂ. ૫૦ હજાર લેખે કુલ રૂ. ૦૩ લાખની સહાય કરાઈ હતી.

**ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજનાઃ** 'ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના'નો લાભ ૧૮ વર્ષ કે તેથી વધુ વયના નિરાધાર ગંગાસ્વરૂપા લઇ શકે છે. ગંગાસ્વરૂપ મહિલાની કૌટુંબિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક રૂ. ૧,૨૦,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે વાર્ષિક રૂ. ૧,૫૦,૦૦૦ કે તેથી ઓછી હોવી જોઈએ. લાભાર્થીને દર માસે રૂ. ૧૨૫૦ની આર્થિક સહાય તેના પોસ્ટ / બેંક ખાતામાં સીધી જમા કરવામાં આવે છે. આ યોજનાનો લાભ અરજી કર્યા તારીખથી મળવાપાત્ર છે. અરજીપત્રક સાથે ફોર્મ અને ફોટો, રહેઠાણનો પુરાવો, રેશનકાર્ડની નકલ, ઉંમરનો પુરાવો, પતિના અવસાનનો દાખલો, પાસબુકની નકલ, આવકનો દાખલો, પુનઃલગ્ન ન કર્યા અંગેનું પ્રમાણપત્ર, આધારકાર્ડની નકલ અને લાગુ પડતું હોય તો બી.પી.એલ. સ્કોર અંગેનો દાખલો આપવાના રહેશે.

ગંગાસ્વરૂપા પુન લગ્ન આર્થિક સહાય યોજના. ગંગાસ્વરૂપા પુન લગ્ન આર્થિક સહાય યોજના'નો લાભ ૧૮ વર્ષથી ૫૦ વર્ષની ગંગાસ્વરૂપ મહિલાઓ લઇ શકે છે. જે માટે પુનઃ લગ્ન કર્યેથી છ માસની સમય મર્યાદામાં નિયત નમુનામાં આધાર પુરાવા સહિત અરજી કરવાની રહેશે. આ યોજના અંતર્ગત રૂ. ૨૫,૦૦૦ની આર્થિક સહાય મહિલાના ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર મારફતે જમા કરાય છે તેમજ રૂ. ૨૫,૦૦૦ની રકમના રાષ્ટ્રીય બચત પત્રો દ્વારા, એમ કુલ રૂ. ૫૦,૦૦૦ ની સહાય અપાય છે. નોંધનીય છે કે આ યોજનાનો લાભ લેવા માટે મહિલા 'ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના'નો લાભ લેતાં હોય એ જરૂરી છે.

# રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ની ઉત્સાહપૂર્વક ઉજવણી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન માં આજે ૧૧મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉત્સાહપૂર્વક મનાવવામાં આવ્યો. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ - ૨૦૨૫ની થીમ છે ''એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ (Yoga for One Earth, One Health)''. ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા પ્રાપ્ત દિશા નિર્દેશો અનુસાર રાજકોટમાં કોઠી કમ્પાઉન્ડ સ્થિત રેલવે ક્રિકેટ ગ્રાઉન્ડમાં સવારે ૦૬.૩૦ વાગ્યાથી લઈને ૦૭.૪૫ વાગ્યા સુધી યોગ સત્રનું આયોજન કરવામાં આવ્યું. પતંજલિ યોગ સમિતિ-રાજકોટના યોગ પ્રશિક્ષકો ગોપાલ શર્મા, કિશોર રાઠોડ તથા તેમની ટીમનાં માર્ગદર્શન હેઠળ રેલ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનોને કોમન યોગા પ્રોટોકોલના અંતર્ગત આસન, પ્રાણાયામ તથા ધ્યાન સંબંધિત વિભિન્ન અભ્યાસોનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું. આ અવસર પર રાજકોટ મંડળ રેલ પ્રબંધક અશ્વની કુમારે પોતાના સંબોધનમાં કહ્યું કે ''યોગ, પ્રાણાયામ અને ધ્યાનને પોતાના દૈનિક જીવનમાં અપનાવવા જોઈએ એટલું જ નહીં, પોતાના સ્વજનોને પણ આ માટે પ્રેરિત કરવા જોઈએ જેથી બધા લોકો શારીરિક તથા માનસિક રીતે સ્વસ્થ રહી શકે.'' યોગ અભ્યાસના આ કાર્યક્રમમાં રાજકોટ મંડળના અપર મંડળ રેલ પ્રબંધક કૌશલ કુમાર ચૌબે, વરિષ્ઠ મંડળ કાર્મિક અધિકારી અમૃત સોલંકી, સહાયક કાર્મિક અધિકારી કે. કે. દવે, વિભિન્ન વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ, રેલવે સુરક્ષા બળ, સ્કાઉટ, સીઆઈએસએફ રાજકોટની ટીમ તથા મોટી સંખ્યામાં રેલ કર્મચારી ઉપસ્થિત હતા. કાર્યક્રમનું સંચાલન મુખ્ય કલ્યાણ નિરીક્ષક શૈલેષ મકવાણા દ્વારા કરવામાં આવ્યું. અંતમાં રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.

# ભાદર-૨ ડેમનો ૧ દરવાજો ૦.૩ મીટર ખોલાતા હેઠવાસના ગામ લોકોને સાવચેત રહેવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકા પાસેનો ભાદર-૨ ઓવરફ્લો થતાં ડેમના ૧ દરવાજાને ૦.૩ મીટર ખોલવામાં આવ્યો છે, આથી ડેમના હેઠવાસમાં આવતા ધોરાજી તાલુકાના ભોલા, ભોલ ગામડા, છાડવાવદર, સુપેડી તેમજ ઉપલેટા તાલુકાના ડુમિયાણી, ચીખલીયા, સમઢીયાળા, ગણોદ, ભીમોરા, ગઢ, ગંદોદ, હાડફોડી, ઈસરા, કુંઢેચ, લાઠ, મેલી મજેઠી, નીલાખા, તેલંગણા, ઉપલેટા, પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકાના ભોગસર, બીલડી, ચૌટા, છત્રાવા, કતવાણા, કુતિયાણા, માંડવા, પસવારી, રોઘડા, સેગરસ, થાપડા, માણાવદર તાલુકાના ચિલોદરા, રોઘડા, વાડાસાડા,વેકરી, પોરબંદર તાલુકાના ચિકાસા, ગરેજ, મિત્રાળા અને નવી બંદર ગામના લોકોને સાવચેત રહેવા રાજકોટ જિલ્લા ફલડ કંટ્રોલ સેલની યાદીમાં જણાવાયું છે.

# એનસીસીનાં ૧૬૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ માધવરાય સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સામુહિક યોગ કર્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

વિશ્વ યોગ દિવસ નિમિત્તે રાજકોટ શહેર તેમજ જિલ્લામાં અલગ અલગ સ્થળોએ યોગ દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી.

આ પ્રસંગે ગુજરાત (જી) બીએન એનસીસી રાજકોટ દ્વારા માધવરાય સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં શહેરની વિવિધ શાળાઓ અને કોલેજોના ૧૬૦૩ કેડેટ્સે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત આ યોગ દિવસમાં સહભાગી બન્યા હતા.

વિશ્વ યોગ દિવસ નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં યોગ પ્રશિક્ષકોએ વિવિધ યોગ પ્રાણાયામ કરાવી તેના ફાયદાઓ સમજાવ્યાં હતા.

યોગ ફક્ત એક દિવસની ઉજવણી બની ન રહે, અને વિદ્યાર્થીઓ દરરોજ યોગ કરી દૈનિક જીવનમાં સ્ફૂર્તિમય રહે તેવી અપીલ પણ વિદ્યાર્થીઓને કરવામાં આવી હતી.

# સાળીના ક્લિનિકમાં એન્જિનિયર બનેવી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો ઝડપાયો

હોમિયોપેથીક દવા, મેડિકલના સાધનો અને રોકડ મળી ૧૯ હજારનો મુદ્દામાલ જપ્ત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સાળીના ક્લિનિકમાં લોકોના આરોગ્ય સાથે ચેડા કરતાં એન્જિનિયરને પોલીસે ઝડપી લીધો હતો અને પોલીસે હોમીયોપેથીક દવા, મેડીકલના સાધનો અને રોકડ મળી રૂ.૧૯ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં શીતળાધાર ૨૫ વારીયામાં વૃંદાવન પાર્કની સામે આવેલા રાધે કિલનિકમાં લોકોના આરોગ્ય સાથે બોગસ તબીબ ચેડા કરતો હોવાની બાતમીના આધારે આજીડેમ પોલીસ મથકની ટીમે દરોડો પાડયો હતો દરોડા દરમિયાન લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા મીત જગદીશભાઈ રંગાણી (રહે માધવ રેસીડેન્સી સ્વાતિ પાર્ક મેઇન રોડ રાજકોટ)ને ઝડપી લીધો હતો. પોલીસે રાધે ક્લિનિકમાં રહેલ હોમિયોપેથિક દવા, મેડિકલના સાધનો અને રોકડ મળી રૂ.૧૯,૩૨૬ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પ્રાથમિક પ્રાથમિક તપાસમાં રાધે કિલનિક મિત રંગાણીની સાળીનું ક્લિનિક છે. મિત રંગાણીએ બેચરલ ઓફ એન્જીનીયરીંગ સુધીનો અભ્યાસ કર્યો છે. તેની પાસે મેડિકલ ડીગ્રી નહિ હોવા છતાં તેની સાળીના ક્લિનિકમાં મીત રંગાણી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે આજીડેમ પોલીસે ગુનો દાખલ કરી કાનૂની તપાસનો દોર લંબાવ્યો છે.

# કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને જિલ્લા પ્રવાસન સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જિલ્લા કલેકટર પ્રભવ જોશીનાં અધ્યક્ષ સ્થાને જિલ્લા પ્રવાસન સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

કલેકટર કચેરી ખાતે યોજાયેલ આ બેઠકમાં પ્રવાસન અને યાત્રાધામ હેઠળ સમાવિષ્ટ જિલ્લાનાં સ્થળોની સમીક્ષા કરાઈ હતી. જેમા હાલ પ્રગતિ હેઠળના પ્રવાસન સ્થળો, દરખાસ્ત કરવાના થતા પ્રવાસન સ્થળો, દરખાસ્ત કરેલ પ્રવાસન સ્થળો તેમજ સરકારની અન્ય ગ્રાન્ટ હેઠળના પ્રોજેક્ટની સમીક્ષા કરવામાં આવી હતી.

જેમાં ઘેલા સોમનાથ મહાદેવ મંદિર, સણોસરાના દરબારગઢ, રામોદ ખાતે આવેલ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, શેમળી નદી પર રિવરફ્રન્ટ, ઢાંક ખાતે મ્યુઝિયમ, નીલાખા ખાતે ભાદર ડેમની આજુબાજુના વિસ્તારનો વિકાસ , ઓસમ ડુંગર સહિત જિલ્લાના પ્રવાસન સ્થળોની સમીક્ષા કરી કલેકટર પ્રભવ જોશીએ જરૂરી માર્ગદર્શન તેમજ સૂચન આપ્યું હતું.

બેઠકમાં કલેક્ટરએ રાજકોટ જીલ્લામાં વધુને વધુ પ્રવાસન સ્થળો વિકસે તે માટે પ્રવાસન લાયક નવી જગ્યા દેખાય તો પ્રોજેક્ટ બનાવી મોકલવા સૂચન કર્યું હતું. આ ઉપરાંત પ્રગતિ હેઠળના સ્થળોની કામગીરી વહેલી તકે પૂર્ણ થાય અને આવા સ્થળોની યોગ્ય જાળવણી થાય તે માટે જરૂરી સૂચન અને માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, આસિસ્ટન્ટ કલેકટર મહેક જૈન, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એ.કે.વસ્તાણી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

''પ્લાસ્ટિક મુક્ત ભારત''ના નિર્માણમાં સહભાગી થતી ''માય થેલી'' ઝુંબેશ

# જસદણના નગરજનોને સખીમંડળની બહેનો બનાવી આપે છે વધારાના કાપડમાંથી નિઃશુલ્ક થેલી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

હાલમાં સમગ્ર ભારતમાં પ્લાસ્ટિક પ્રદૂષણ સતત વધી રહ્યું છે ત્યારે પ્રધાનમંત્રીનીડ 'પ્લાસ્ટિક મુક્ત ભારત'ની નેમને સાર્થક કરવા જસદણ નગરપાલિકા દ્વારા ''માય થેલી'' ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

જસદણ નગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક નાબૂદી ઝુંબેશ અન્વયે જસદણ ખાતે સ્રખઢ ઝઇઊર્કઇ' ઈવેન્ટ યોજવામાં આવી હતી. જયાં સવારના ૧૦ થી ૨ અને ૩ થી ૬ કલાક દરમિયાનમાં નગરપાલિકા સાથે જોડાયેલા સ્વ સહાય જુથો (સખી મંડળ)ના બહેનો દ્વારા જે નગરજનો પોતાના ઘરના જુના કાપડ લઈને આવ્યા હતા તેઓને સ્થળ પર જ કપડાંની થેલી વિનામૂલ્યે બનાવી આપવામાં આવી હતી.

જસદણ નગરપાલિકાને પ્લાસ્ટિક મુક્ત કરવા સહભાગી બનવા અને કાપડની થેલીનો જ ઉપયોગ કરવા માટે જસદણ નગરપાલિકાની અપીલ કરવામાં આવી છે.

# રાજકોટનાં જગન્નાથ મંદિરે મામેરા વિધિ યોજાઈ



તસવીર : આનંદ જાવીયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી ૨૭ જૂનનાં અષાઢી બીજની ભવ્ય શોભાયાત્રા યોજાશે, જે અંતર્ગત રાજકોટનાં નાનામૌવા નજીક આવેલા જગન્નાથ મંદિરે ભવ્ય તૈયારીઓ કરવામાં આવી રહી છે. અગાઉ કળશયાત્રા યોજાઈ હતી ત્યારે ભગવાનની મામેરા વિધિ મહંત ૧૦૦૮ મહા મંડલેશ્વર ત્યાગી મનમોહનદાસજી ગરુ રામકિશોરદાસજી દ્વારા કરવામાં આવી હતી. આ તકે ભાવિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આગામી ૨૭ જૂનને શુક્રવારે સવારે ૮ વાગ્યે જગન્નાથ મંદિરેથી ભવ્ય રથયાત્રાનો પ્રારંભ થશે. જેમાં રથની પહિંદ વિધિ રાજકોટના રાજવી ઠાકોર સાહેબ માંધાતાસિંહ જાડેજાના હસ્તે કરવામાં આવશે. આ પૂર્વે આવતીકાલે સવારે ૯ વાગ્યે ધ્વજારોહણ તેમજ સોમવારે વાઘાવસ્ત્ર પૂજન સહિતના કાર્યક્રમો યોજાશે.

# છેવાડાના વિસ્તારના વંચિતો તેમજ ગરીબો સુધી વિકાસ કામો પહોંચાડવાનો કોલ આપતા નવનિયુકત કલેકટર

ડૉ. ઓમપ્રકાશે રાજકોટના ૫૧મા ક્લેક્ટર તરીકે પદભાર સંભાળ્યો



તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વર્ષ ૨૦૧૬ની બેચના આઈ.એ.એસ. ડૉ. ઓમપ્રકાશે આજે રાજકોટના ૫૧મા જિલ્લા ક્લેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકે વિધિવત પદભાર સંભાળ્યો છે.

ડૉ. ઓમપ્રકાશ મૂળ રાજસ્થાનના બાડમેરના વતની છે અને એમ.બી.બી.એસ., ડી.પી.એચ.નો અભ્યાસ કરેલો છે. આ અગાઉ, તેઓ જુનાગઢ મ્યુનિસિપલ કમિશનર તરીકે ફરજરત હતા. તેમનો અગાઉના કાર્યકાળ જોઈએ તો તેઓએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નાયબ મ્યુનિસિપલ કમિશનર તરીકે દોઢ વર્ષ અને મહેસાણા જિલ્લા વિકાસ અધિકારી તરીકે પોણા ત્રણ વર્ષ ફરજ બજાવી છે. રાજકોટ ગ્રામ્યના પ્રાંત અધિકારી તરીકે તેઓશ્રી ૮-૧૦-૨૦૧૮થી લઈને ૧૭-૧૨-૧૯ સુધી ફરજ બજાવી ચૂક્યા છે. આ ઉપરાંત રાજકોટ જિલ્લામાં વિવિધ નાયબ કલેક્ટરના ચાર્જ પણ તેમણે વહન કર્યા છે. તેઓ ગીર સોમનાથ જિલ્લામાં પ્રોબેશનરી આઈ.એ.એસ. તરીકે રહી ચૂક્યા છે.

આજે સવારે પદભાર સંભાળતી વખતે તેમણે કહ્યું હતું કે, જિલ્લાના છેવાડાના વિસ્તારના વંચિતો, ગરીબો સુધી સરકારી યોજનાના લાભો સરળ રીતે પહોંચે એ પ્રાથમિકતા રહેશે. ગરીબ માણસોને એવી પ્રતીતિ થવી જોઈએ કે, સરકાર અને જિલ્લા વહીવટી તંત્ર તેમના માટે કામ કરી રહ્યું છે. રાજકોટમાં અગાઉ કામ કરી ચૂક્યા હોવાથી આ અનુભવ જિલ્લાના વિકાસ અને વહીવટી કામગીરીમાં ખૂબ ઉપયોગી થશે એમ તેમણે ઉમેર્યું હતું.

આ સાથે તેમણે કહ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં તમામ ક્ષેત્રોમાં ખૂબ ક્ષમતાઓ છે. આરોગ્ય અને શિક્ષણની સાથે જિલ્લાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વિવિધ ક્ષેત્રોના વિકાસ પર ભાર મૂકવામાં આવશે.

તેમણે રાજકોટ જિલ્લાના વિકાસની સકારાત્મક બાબતોને લોકો સુધી પહોંચાડવામાં મીડિયાની ભૂમિકાને બિરદાવી હતી.

આ અવસરે નિવાસી અધિક કલેક્ટર એ.કે. ગૌતમ, શહેર પ્રાંત-૧ અધિકારી સુશ્રી ચાંદની પરમાર, પ્રોબેશનરી આઈ.એ.એસ. વૃષાલી કાંબલે વગેરેએ નવા કલેક્ટરનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. રાજકોટ પ્રાદેશિક કચેરીના સંયુક્ત માહિતી નિયામક મિતેશ મોડાસિયાએ પણ આ તકે જિલ્લા કલેક્ટર ડૉ. ઓમપ્રકાશની ઔપચારિક મુલાકાત લઈને શુભકામનાઓ પાઠવી હતી.

# કાલાવડ રોડ પર વિજપોલ ધરાશાઈ થતા ટ્રાફિક જામ





તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના રાજમાર્ગ ગણાતા કાલાવડ રોડ પર વરસાદ અને વાવાઝોડા વચ્ચે ડિવાઈડર પર રહેલા બે વિજપોલ ધરાશાઇ થતા ટ્રાફિક થંભી ગયો હતો. આ વિજપોલ ધરાશાઇ થતા સદનસીબે અનિચ્છનીય બનાવ નહીં બનતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. બીજી તરફ રાહદારીઓએ તંત્ર પાસે આ અંગે તાત્કાલીક કાર્યવાહી કરવા માંગ કરી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# થોરાળા પોલીસ સ્ટેશન પહોંચે તે પહેલા હવામાં ઓગળી ગયા: લાખેણી રકમનો નિવેદ ધરાયાની ચર્ચા

**રામનગર સોસાયટીમાં બે જ્યુપીટર વિદેશી દારૂ ભરેલા પકડાયા**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સામાકાંઠે વોર્ડ નં.૧૫માં આવેલ સ્લમ વિસ્તારો કુબલીયાપરા, ચુનારાવાડ, થોરાળા, ગંજીવાડા સહિતના વિસ્તારોમાં લોકોને ભૌતિક સુવિધા આપવામાં તંત્ર વાહકો ઓરમાયુ વર્તન કરી રહ્યા હોય પરંતુ આ સ્લમ વિસ્તારોમાં પોલીસ માટે પુરજોશમાં (તોડપાણી) વિકાસ થઇ રહ્યો હોય તેવી ચર્ચાઓ છડે ચોક સાંભળવા મળી રહી છે. ગયા સપ્તાહે બનેલી એક ઘટનામાં રામનગર સોસાયટીમાંથી થોરાળા પોલીસ સ્ટેશનના સ્ટાફે બે જયુપીટર વિદેશી દારૂ ભરેલા પકડયા હતા. પરંતુ આ દારૂ ભરેલા જયુપીટર પોલીસ સ્ટેશને પહોંચે તે પહેલા જ હવામાં ઓગળી ગયા હોવાની ચર્ચાઓ વહેતી થઇ છે. આ ઘટના અંગે ઉચ્ચ અધિકારીઓએ પણ આંખ આડા કાન કર્યા હોય તેવો જવાબ મળ્યો હતો કે, હાલ થોરાળા પોલીસ સ્ટેશનમાં રીનોવેશનનું કામ ચાલુ હોય અને કોઇ સીસીટીવી ચાલુ નથી જયારે આવી ઘટના બની છે કે નહીં તેનો ખ્યાલ નથી. આવો જવાબ સાંભળવા મળ્યો હોય તેવું પણ ચર્ચામાં આવ્યું છે.

આ ઘટનાની વિસ્તૃત ચર્ચા કરીએ તો ગત સપ્તાહે રામનગર સોસાયટીમાં થોરાળા પોલીસનો સ્ટાફ પેટ્રોલિંગમાં હોય તે દરમ્યાન એક બાતમીદારને ગ્રાહક બનાવીને બુટલેગર પાસે દારૂ લેવા માટે મોકલવામાં આવ્યો હતો. બાતમીદાર ગ્રાહકે બુટલેગરને ફોન કરી દારૂ રામનગર સોસાયટી મેઇન રોડ આવેલ એક લોટ દરવાના મીલ વાળી શેરીમાં બુટલેગર ઉભો રહી પોતાના જયુપીટરમાંથી દારૂની બોટલ કાઢી આપવાની વેતરણમાં હતો ત્યારે થોરાળા પોલીસનો સ્ટાફ ટપકી પડીને બુટલેગર તથા બાતમીદાર ગ્રાહક બન્નેને દબોચી લઇ પુછપરછ કરી વધુ એક બિનવાસી આગળના ચોકમાં પડેલુ દારૂ ભરેલુ જયુપીટર સહિતનો મુદ્દામાલ સાથે મામલો પોલીસ મથક તરફ રવાના થયો હતો. પરંતુ સુત્રોમાંથી જાણવા મળ્યું છે કે, આ બન્ને દારૂ ભરેલા જયુપીટર ઝડપાયેલો બુટલેગર અને બાતમીદાર ગ્રાહક પોલીસ સ્ટેશને પહોંચે તે પહેલા જ હવામાં ઓગળી ગયા હોવાનું અને આ સમગ્ર મામલો રસ્તામાં જ રફેદફે કરવા પાંચ મીંડા ઉપરની લાખેણી રકમ લઇને પોલીસે મીઠો ઓડકાર લઇ લીધો હોવાનું ચર્ચાઇ રહ્યું છે.

આ સમગ્ર ઘટના મામલે જાગૃત નાગરિક દ્વારા ઉચ્ચ અધિકારીને આ ઘટના અંગે પુછપરછ કરતા સામેથી એવો જવાબ મળ્યો હતો કે, કસી ખબર નથી પણ હું તપાસ કરી લવ છું બાદમાં તેઓના દ્વારા એવું જણાવવામાં આવ્યું હતું કે, આવું કશું જ બન્યું નથી. પરંતુ જાગૃત નાગરિક દ્વારા પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, પોલીસ સ્ટેશનના સીસીટીવીમાં આ ઘટના કેદ થઇ ગ ઇ હશે. પણ આ પ્રશ્નના જવાબમાં પણ અધિકારી દ્વારા જણાવાયું હતું કે, હાલ પોલીસ સ્ટેશનમાં રિનોવેશનનું કામ ચાલુ હોય જેના કારણે સીસીટીવી કેમેરાની આખી સીસ્ટમ જ બંધ હોય જેના કારણે આ ઘટના અંગે કોઇપણ પ્રકારનું તથ્ય જાણી શકાય તેમ નથી. આ ઘટનામાં અધિકારીઓ દ્વારા પણ આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હોય તેવો ઘાટ જોવા મળી રહ્યો છે.



# શહેરની ભાગોળે ગઢકા ગામ પાસે બોલેરોમાં ૩.૨૪ લાખના વિદેશી દારૂ સાથે બે ઝડપાયા









**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના કુવાડવાથી સરધાર ગામ તરફ જતા રસ્તા પર અવાવરૂ જગ્યાઓ બુટલેગરો માટે દારૂનું કટીંગ કરવા માટે સ્વર્ગ સમાન ગણાતું હોય ત્યારે પોલીસ પણ આવા અવાવરૂ સ્થળો પર પેટ્રોલિંગ વધાર્યુ હોય જેના કારણે ગઇકાલે રાજકોટના ફાળદંગ ગામથી ગઢકા ગામ તરફ જતા રસ્તે ક્રાઇમ બ્રાન્ચની ટીમે બોલેરો પીકઅપ વાનમાં રૂ.૩.૨૪ લાખનો વિદેશી દારૂના જથ્થા સાથે બે શખ્સોને દબોચી લઇ રૂ.૭.૩૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ક્રાઇમ બ્રાન્ચના પીઆઇ ગોંડલીયા, ડામોર, જાદવની સુચનાથી પીએસઆઇ વી.ડી.ડોડિયા અને તેની ટીમના હેડ કોન્સ. દિલીપભાઇ બોરીચા, પ્રદિપસિંહ જાડેજા તથા રાજેશભાઇ જડુ, કોન્સ. વિશાલભાઇ દવે સહિતનો સ્ટાફ રાજકોટના ફાળગંદ ગામના વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન એક બોલેરો પીકઅપ વાન નં. જીજે૧૬એવી૫૭૨૬ નંબરની શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે તેનો પીછો કરી ગઢકા ગામ તરફના રસ્તે અટકાવી તલાસી લેતા ૬૪૮ બોટલ વિદેશી દારૂ કિંમત રૂ.૩.૨૪ લાખનો જથ્થો મળી આવતા બોલેરોનો ચાલક ઉડાસર ગામ રાજસ્થાનનો જુજારામ ભલારામ ગોદારા તથા લીલીસાજડીયારી ગામનો જેશીંગ ઉર્ફે જયસુખ મકવાણા સહિત બે શખ્સોની ધરપકડ કરી મોબાઇલ રોકડ અને બોલેરો સહિત કુલ રૂ.૭.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

જયારે બીજા દરોડામાં ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઇ આર.એચ.ઝાલાની સુચનાથી એએસઆઇ જયંતીભાઇ, રાજેશભાઇ, હેડ કોન્સ. રાહુલભાઇ, ધર્મેન્દ્રભાઇ સહિતનો સ્ટાફ જામનગર રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમીના આધારે સ્લમ કવાર્ટરમાં વોંચ ગોઠવી હતી એ દરમ્યાન ધરમસીનેમા પાસે વર્લીસાહેબના ડેલામાં રહેતો પરવેજ ઉર્ફે મોહસીન ઓસમાણ બામભણીયા નામનો શખ્સ એક્ટિવા નંબર જીજે૩એલસી૩૬૩૫ નંબરનું લઇ શેરી નં.૧૦માંથી નિકળતા પોલીસે તેને દબોચી લઇ એક્ટિવાની તલાસી લેતા ૨૬ બોટલ વિદેશી દારૂ મળી આવતા પોલીસે આ બુટલેગરની ધરપકડ કરી એક્ટિવા સહિત રૂ.૬૨૪૫૦નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

**જામનગર રોડ પર સ્લમ કવાર્ટરમાં એક્ટિવામાં ૨૬ બોટલ દારૂ સાથે બુટલેગર ઝબ્બે**

# કાલાવડ રોડ પર રવિપાર્કમાં નામચીન બુટલેગર ૨.૭૬ લાખના વિદેશી દારૂ સાથે ઝડપાયો

## ડીસીપી ઝોન-૨ એલસીબીની ટીમે જંગલેશ્વરના નામચીન બુટલેગર ફિરોઝ સંધીનો દારૂ ઝડપી લીધો: શોધખોળ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ પર રવિપાર્ક મેઇન રોડ પર મકાનના પાર્કિંગમાં સંતાડેલો વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરને દબોચી લઇ રૂ.૨.૭૬ લાખનો દારૂનો જથ્થો કબ્જે કરી જંગલેશ્વરનો નામચીન બુટલેગર ફિરોઝ સંઘીની શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ ડીસીપી ઝો-૨ એલસીબી ટીમના પીએસઆઇ આર.એચ.ઝાલાની સુચનાથી એએસઆઇ જયંતિભાઇ, રાજેશભાઇ, હેડ કોન્સ. રાહુલભાઇ તથા હેમેન્દ્રભાઇ સહિતનો સ્ટાફ કાલાવડ રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે હકિકત મળી હતી કે, રવિપાર્ક ખાતે શહેરના લીસ્ટેડ બુટલેગર જંગલેશ્વરના ફિરોઝ સંઘી વેંચાણ કરવા દારૂનો જથ્થો મોકલાવ્યાની બાતમીના આધારે પોલીસે રવિપાર્ક શેરી નં.૭માં યશ નામના મકાનના પાર્કિંગમાં દરોડો પાડતા વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની કુલ ૯૨૨ બોટલ કિંમત રૂ.૨.૭૬ લાખના જથ્થા સાથે મનીષ પરાગજી ભટ્ટી નામના શખ્સની ધરપકડ કરી વધુ પુછપરછ કરતા દારૂનો જથ્થો જંગલેશ્વરને નામચીન બુટલેગર ફિરોઝ આસમ સંઘીનો હોવાનું ખુલતા પોલીસે આ નામચીન બુટલેગરની શોધખોળ આદરી છે.

# વેજાગામ કુખ્યાત બૂટલેગર બે લાખના દારૂ સાથે ઝડપાયો

## કારમાં કલરની સીલપેક ડોલમાં દારૂની છુપાવેલી ૭૨ બોટલ સહિત ૭.૨૩ લાખનો મુદ્દામાલ જપ્ત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં આવેલ પરશુરામ ચોકડી ખાતેથી વેજાગામ જતા રસ્તે સફેદ કલરની કારમાં એક શખ્સ કલરની ડોલમાં વિદેશી દારૂની હેરાફેરી કરી રહ્યો હોવાની બાતમીને આધારે યુનિવર્સિટી પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી અને બાતમી મુજબની સ્વીફ્ટ કારને રોકી કારમાંથી પ્રિયાંક ઉર્ફે કાળીયો મહેતા નામના શખ્સને ઝડપી પાડવામાં આવ્યો હતો. શરૂઆતમાં તો આરોપી જાણે ખરેખર કલર લઈ જતો હોય તેવો ઢોંગ કરી રહ્યો હતો. પોલીસને તેની પાસેથી કલરની સીલપેક ડોલ મળી આવી હતી. પોલીસ દ્વારા આ ડોલ ખોલવામાં આવતા કલરને બદલે વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની રૂ.૨,૨૨,૪૮૦ની કિંમતની કુલ ૭૨ બોટલો મળી આવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ, આરોપી પ્રિયાંક ઉર્ફે કાળીયો મહેતા દારૂની હેરાફેરી માટે આ એક નવો પેંતરો અપનાવી રહ્યો હતો. તે કલરના સીલબંધ ડોલમાં દારૂની બોટલો એવી કાળજીપૂર્વક છુપાવતો હતો કે કોઈને જરાય શંકા ન જાય, પરંતુ ચોક્કસ બાતમીને કારણે તેની આ ચાલાકી પકડાઈ ગઈ હતી. આરોપી પ્રિયાંક કાળીયો મહેતાની સ્વીફ્ટ કારની

ઝીણવટભરી તપાસ કરતાં તેમાં કલરની સીલપેક ડોલોમાંથી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ, કાર અને એક મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૭,૨૩,૪૮૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપી પ્રિયાંક કાળીયો મહેતા ગુનાહિત ઈતિહાસ ધરાવતો હોવાનું સામે આવ્યું છે. તેના વિરુદ્ધ અગાઉ પણ દારૂ સહિતના ૮ જેટલા ગુના નોંધાઈ ચૂક્યા છે. આ દર્શાવે છે કે તે એક રીઢો ગુનેગાર છે અને દારૂની હેરાફેરીના ધંધામાં ઊંડો સંડોવાયેલો છે. પોલીસે પ્રિયાંક મહેતા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને વધુ તપાસ કરી રહી છે કે આ દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને ક્યાં પહોંચાડવાનો હતો. આ અંગેની ઊંડાણપૂર્વક પૂછપરછ શરૂ કરવામાં આવી છે.

# સ્વાતીના બગીચા પાસે યુવકને જાતિ પ્રત્યે હડધૂત કરી શખ્સે છરીનો ઘા ઝીંકી દીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં કોઠારીયા રોડ ઉપર મિત્ર પાસે કાર ભાડે લેવા ગયેલા યુવકને અન્ય શખ્સે જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી છરી વડે હુમલો કર્યો હતો. યુવકને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં નવા થોરાળા મેઇન રોડ ઉપર આવેલ ન્યુ વિનોદનગર સોસાયટીમાં રહેતા અને ડ્રાઇવિંગ કામ કરતા રાજદીપ ઉર્ફે રાજુ પીઠાભાઈ જાદવ નામનો ૨૪ વર્ષનો યુવાન રાત્રીના નવેક વાગ્યાના અરસામાં મિત્ર પાસે કાર ભાડે લેવા ગયેલા યુવાન ઉપર અન્ય શખ્સે હુમલો કર્યાની ફરિયાદ કોઠારીયા મેઇન રોડ ઉપર આવેલ સ્વાતીના બગીચાની બાજુમાં હતો ત્યારે બોદીયો ઉર્ફે જયેશ લાલભાઈ ચૌહાણ (રહે ત્રષિપ્રસાદ સોસાયટી રાજકોટ)એ ઝઘડો કરી છાતીના ભાગે છરીનો ઘા ઝીંકી દીધો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. હુમલામાં ઘવાયેલા રાજદીપ ઉર્ફે રાજુ જાદવે હુમલાખોર જયેશ ચૌહાણ વિરુદ્ધ આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ રાજદીપ ઉર્ફે રાજુ જાદવ તેના મિત્ર રાકેશ સરવૈયા પાસે કોઠારીયા મેઇન રોડ ઉપર સ્વાતિના બગીચા પાસે કાર ભાડે લેવા માટે ગયો હતો અને તેના પિતા પીઠાભાઈ જાદવ પણ હાજર હતા રાજદીપ ઉર્ફે રાજુ જાદવ અને તેનો મિત્ર રાકેશ સરવૈયા વાતચીત કરતા હતા અને રાજદીપ ઉર્ફે રાજુ જાદવ કારમાં બેઠવા જતા હુમલાખોર બોદિયો ઉર્ફે જયેશ ચૌહાણે રાજદીપ ઉર્ફે રાજુ જાદવનો હાથ ખેંચી કારમાંથી નીચે ઉતારી આવાને કાર ન અપાય તેમ કહી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી છાતીના ભાગે છરીનો ઘા ઝીંકી દીધો હોવાની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મહુવાના નૈપ ગામે પ્રેમીકાના ઘરે મળવા ગયેલા પ્રેમીની યુવતીના પરિવારે કરી હત્યા

## નિર્મમ હત્યા કરી યુવકની લાશ તળાવ પાસે ફેંકી દીધી: પિતા-પુત્રની ધરપકડ

**મુખ્ય સમાચાર, ભાવનગર**

ભાવનગર જિલ્લાનામહુવા તાલુકાના નૈપ ગામે મોડી રાત્રે એક યુવક તેની પ્રેમીકાના ઘરે પ્રેમીકાને મળવા ગયો હતો જે વેળાએ યુવતીના પિતા તેમજ ભાઈને જાણ થઈ જતાં યુવકને તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી, યુવકની લાશને ગામના તળાવ પાસે ફેંકી નાસી છૂટ્યા હતા.

આ બનાવ અંગે પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના નૈપ ગામે રહેતા ભાવેશભાઈ મોલાભાઈ ચૌહાણ તેના જ ગામમાં રહેતી સોનલબેન ગોરધનભાઇ મકવાણાની દિકરી સાથે પ્રેમ સંબંધ હતો. જેમાં અવાર નવાર ભાવેશભાઇ સોનલને તેના ઘરે મળવા જતો હતો. મોડી રાત્રે પણ ભાવેશભાઇએ સોનલબેન સાથે ફોનમાં વાત કર્યા બાદ સોનલબેનના ઘરે મળવા ગયો હતો જે દરમિયાન સોનલબેનના પિતા ગોરધનભાઈ અને ભાઈ ગોમાનભાઈ મકવાણાને ભાવેશભાઈ તેના ઘરે તેમની દિકરીને મળવા આવ્યાની જાણ થતાં બંન્ને પિતા-પુત્રએ યુવકની પકડી લઈ, માથાના ભાગે તિક્ષ્ણ હથિયારોના ઘા ઝીંકી કરપીણ હત્યા કરી નાસી છૂટ્યા હતા. દરમ્યાન સવારના સુમારે ભાવેશભાઈના પિતા વાડીએથી ઘરે પરત ફર્યા હતા તે વેળાએ ખાટલામાં ભાવેશભાઈ સુતેલા જોવા ન મળતા તેમના પરિવારજનોએ ભાવેશભાઈની ગામમાં શોધખોળ હાથ ધરી હતી જે દરમિયાન નૈપ ગામે ભાવેશભાઈની લોહિલુહાણ હાલતે લાશ મળી આવતા પરિવારમાં ભારે શોક છવાઈ જવા પામ્યો હતો. ઘટનાની જાણ મહુવા રૂરલ પોલીસને કરવામાં આવતા પોલીસે ઘટના સ્થળે ધસી જઈ યુવકની લાશને પી.એમ. અર્થે ખસેડી હતી અને ફરાર થઇ ગયેલા પિતા-પુત્રની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી છે.

મૃતકના ભાઈએ પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ, થોડાક સમય અગાઉ ભાવેશભાઈએ સોનલબેનને એક ફોન આપેલ હતો. જે ફોનમાં બંન્ને મોડી રાત્રી સુધી વાતો કરતા હતા અને અગાઉ આ વાતની જાણ પણ યુવતીના પિતાને થઇ હતી જે બાબતે ભાવેશભાઈને ઠપકો પણ આપ્યો હતો. જે બાદ પણ ભાવેશભાઈએ પ્રેમ સંબંધ રાખતા પિતા-પુત્રએ હત્યા નિપજાવી હતી. આમ પ્રેમ સંબંધનો કરુણ અંજામ આવ્યો છે.

# ભગવતીપરામા વેપારીના ઘરમાં ૧૮.૯૫ લાખની ચોરીને અંજામ આપનાર વધુ એક શખ્સ ઝડપાયો

## પ્રનગર પોલીસે સિવિલ હોસ્પિટલમાંથી એક શખ્સને ઉઠાવ્યા બાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બીજાને દબોચ્યો; એકની શોધખોળ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભગવતીપરામા વેપારીનાં ઘરે થયેલી રૂ. ૧૮.૯૫ લાખની ચોરીને અંજામ આપનાર સુરેન્દ્રનગરનાં દેવીપુજક શખસને રોકડ અને દાગીનાં સહીત રૂ. ૯.૫૮ લાખનાં મુદ્દામાલ સાથે પ્રનગર પોલીસર ઝડપી પાડયા બાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે વધુ એક સુરેન્દ્રનગરના શખ્સને રૂ.૨.૪૬ લાખના મુદ્દામાલ સાથે ઉઠાવી લીધો હતો. આ ચોરીમા તેની સાથે સંડોવાયેલા સુરેન્દ્રનગરનાં અન્ય એક શખસોની શોધખોળ શરુ કરવામા આવી છે. ત્રીપુટીએ દાગીનાં અને રોકડની ભાગ બટાઇ કરી લીધી હતી.

આ અંગે ની મળતી વિગત મુજબ રાજકોટનાં ભગવતીપરા શેરી નં.૧૫મા રહેતા લાકડાનો ડેલો અને સોપારીનો વ્યવસાય કરતા વેપારી મુકેશભાઈ નાનુભાઇ ચૌહાણનાં ઘરે તસ્કરો ત્રાટકયા હતા. મુકેશભાઈ કામ અર્થે બહારગામ ગયા હતા. જયારે તેમનો પુત્ર દર્શન અને પત્ની લીલાબેન સહીતનાં પરીવારજનો થોરાળા ખાતે રહેતા લીલાબેનના ભાઈ મનુભાઈ ત્રિકમભાઈ કોશીયાના ઘરે કોઈ કામસર મકાન બંધ કરીને ગયા હતા. ત્યારે તેમનાં બંધ મકાનને તસ્કરોએ નીશાન બનાવ્યુ હતુ. બંધ મકાનમાં પાછળના ભાગે વંડી કુદી અંદર ઘુસેલા તસ્કરોએ મકાનની ગ્રીલ અને તાળુ તોડી અંદર ઘુસી તીજોરીમા રાખેલા ૯.૬૦ લાખ રોકડા અને૮.૯૫ લાખના સોનાના અને ૪૦ હજારના ચાંદીનાં દાગીનાં સહીત આશરે ૧૮.૯૫ લાખની મતા ચોરી ફરાર થઇ ગયા હતા. એક રાત બંધ રહેલા મકાનમા તસ્કરોએ ચોરી કરી હતી. વહેલી સવારે ૩ વાગ્યે ઘુસેલા તસ્કરો ૩.૨૦ ચોરી કરી નીકળી ગયા હતા. આ અંગે આજે સવારે પરીવારજનો પરત આવ્યા ત્યારે ચોરીની જાણ થતા પોલીસને જાણ કરી હતી.

બનાવની જાણ થતા પોલીસ ટીમ ઘટના સ્થળે દોડી ગઇ હતી. પોલીસ તપાસ દરમ્યાન ચોરી કરનાર ૩ શખસો સીસીટીવી કેદ થઇ ગયા હતા. જેનાં આધારે આ ત્રણેયનુ પગેરુ દબાવવા માટે પોલીસે વધુ તપાસ શરૂ કરી હતી. ક્રાઈમ બ્રાંચ, એલસીબી અને બી ડીવીઝન પોલીસની ટીમ તસ્કરોને પકડવા તપાસ કરી રહી હતી. ત્યારે પ્રનગર પોલીસ મથકની ટીમને આ ચોરીનો ભેદ ઉકેલવામા સફળતા મળી હતી. પોલીસ ટીમ સિવીલ હોસ્પીટલમા વધતા જતા ચોરીનાં બનાવોનાં પગલે ચેકીંગમા હતી. ત્યારે શંકાસ્પદ રીક્ષા સાથે એક શખસ મળી આવ્યો હતો પુછપરછમા તેનુ નામ ભોલો સરવૈયા હોવાનુ જણાવ્યુ હતુ. સુરેન્દ્રનગરના ભોલા સરવૈયા પાસેથી સોનાનાં દાગીનાં અને રોકડ સહીત ૯.૫૮ લાખનો મુદામાલ મળી આવ્યો હતો. જેની પુછપરછમાં તેણે ભગવતીપરામા તેના બે સાગ્રીતો સાથે મળી ચોરી કરી હોવાની કબુલાત આપી હતી. ચોરીના ગુનાનો ભેદ ઉકલવામાં ક્રાઈમ બ્રાન્ચની ટીમને વધુ એક સફળતા મળી હોય તેમ વેપારીના ઘરમાં ૧૮.૯૫ લાખની ચોરીને અંજામ આપનાર સુરેન્દ્રનગરના મયુર નવઘણભાઈ મકવાણાને ચોરાઉ સીએનજી રીક્ષા અને રૂ.૧.૪૬ લાખની રોકડ સાથે ઝડપી લીધો હતો જ્યારે અન્ય એક શખ્સની શોધખોળ હાથ ધરી છે.

# ચંદનપાર્ક મેઈન રોડ પર કુટણખાનુ ઝડપાયું: દેહ વ્યાપાર કરાવતી મહિલા સહિત બે ઝબ્બે

## ગ્રાહક દિઠ ૧૦૦૦ લઈ કુટણખાનુ ચલાવતા હોવાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયા રોડ ઉપર આવેલ ચંદનપાર્ક મેઈન રોડ ઉપર રહેણાક મકાનમાં દેહ વ્યાપારનો ધંધો ચાલતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો. દરોડા દરમિયાન પોલીસે ભાડુઆતી સ્ત્રી અને દેહ વ્યાપાર માંથી છોડાવી હતી અને કુટણખાનુ ચલાવતી મહિલા સહિત બે શખ્સની ધરપકડ કરી ગુનો નોંધ્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં રૈયારોડ ઉપર આવે ચંદનપાર્ક મેઈન રોડ ઉપર મકાનમાં કુટણખાનુ ચાલતું હોવાની બાતમીના આધારે યુનિવર્સિટી પોલીસે દરોડો પાડયો હતો. દરોડા દરમિયાન આર્થિક ફાયદા માટે બહારથી ભાડુઆતી સ્ત્રીઓ લાવી તેમને ગ્રાહક દીઠ રૂા. ૧૦૦૦ આપવાનું નક્કી કરી કુટણખાનામાં બારથી ગ્રાહકો બોલાવવામાં આવતા હતાં.

દેહ વ્યાપાર કરાવતી મહિલાઓને પોલીસે ઝડપી લીધી હતી. જ્યારે કુટણખાનુ ચલાવતી તેજલબેન મયુરભાઈ લાઠીગરા અને જયે હસમુખભાઈ વઢવાણિયાની ધરપકડ કરી તેની સામે ધી ઈમોરલ ટ્રાફિક એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરી તપાસનો દૌર લંબાવ્યો હતો.

# રાજકોટમાં વધુ ૭ લોકોને કોરોના: સિંગાપુર, રાજસ્થાનથી આવેલાં બે મહિલાને સંક્રમણ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રવિવારે વધુ સાત લોકોને કોરોના વાઈરસનો ચેપ લાગ્યાની વિગતો સામે આવી છે, જેમાં સિંગાપુર અને રાજસ્થાનથી પરત આવેલા બે મહિલા પણ સંક્રમિત થયા હોવાનું જાણવા મળે છે. બીજી તરફ જામનગર શહેરમાં વધુ એક મહિલાને કોરોના થયો છે. શહેરમાં જે કેસો સામે આવ્યા છે એમાં અમીન માર્ગ પાસે રહેતા ૩૦ વર્ષીય યુવક, મવડી રોડ પાસે રહેતા ૩૪ વર્ષીય યુવક, પેલેસ રોડ પાસે રહેતા ૭૭ વર્ષીય વૃદ્ધ, રામાપીર ચોક પાસે રહેતા ૩૩ વર્ષીય મહિલા, નાના મવા રોડ પાસે રહેતા ૬૫ વર્ષીય વૃદ્ધા, યુનિવર્સિટી રોડ પાસે રહેતા ૬૪ વર્ષીય વૃદ્ધા અને રેલનગરમાં રહેતા ૪૩ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે. એમાંથી રામાપીર ચોક પાસે રહેતા મહિલા રાજસ્થાનથી અને યુનિવર્સિટી રોડ પાસે રહેતા વૃદ્ધા સિંગાપુરથી પરત આવ્યા બાદ સંક્રમિત થયા હતા. સાતેય દર્દીઓની તબિયત સ્થિર હોવાનું આરોગ્ય વિભાગે જાહેર કર્યું હતું. રાજકોટ શહેરમાં ૪૫ દિવસમાં કોરોનાના ૨૧૩ કેસ નોંધાયેલા છે. જેમાંથી અત્યાર સુધીમાં ૧૭૨ દર્દી સાજા થયા છે. જ્યારે હાલ ૪૧ દર્દી સારવાર હેઠળ છે.